विद्यामंदिर ट्रस्ट | सम्यग् दर्शन | सम्यक् चारित्र्य | पालनपुर

Vidyamandir Trust, Palanpur

# Suryakant Parikh Centre for Humanities Study




રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે
હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે.
- જયંત પાઠક

# પ્રકલ્પ વર્ષ : ૨૦૨૧-૨૨
# ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ

**મુદ્રણ, સંયોજન અને પ્રકાશન :**
સંસ્થા માહિતી વિભાગ,
વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

**ઉપક્રમ :**
Suryakant Parikh
Centre For Humanities Study

**સંપાદક અને સંકલક :**
Shri Bhanuprashad P. Raval
Co-ordinator,
Suryakant Parikh
Centre For Humanities Study

**પ્રત :** 3000

| | | |
|---|---|---|
| 2001-02 | : | મહાત્મા ગાંધીજી |
| 2002-03 | : | સરદાર વલ્લભભાઈ પટેલ |
| 2003-04 | : | મહાવીર સ્વામી |
| 2004-05 | : | ભગવાન બુદ્ધ |
| 2005-06 | : | સ્વામી વિવેકાનંદ |
| 2006-07 | : | રવીન્દ્રનાથ ટાગોર |
| 2007-08 | : | મીરાં |
| 2008-09 | : | સંત કબીર |
| 2009-10 | : | ડૉ. વિક્રમ સારાભાઈ |
| 2010-11 | : | અબ્રાહમ લિંકન |
| 2011-12 | : | વિઝન ગ્રીન -2011-12 |
| 2012-13 | : | ઝવેરચંદ મેઘાણી |
| 2013-15 | : | આદિવાસી સંસ્કૃતિ |
| 2015-16 | : | ચાલો ગાંધી જીવીએ |
| 2017-19 | : | સ્વસ્થ નગર અને શિષ્ટ નાગરિક |
| 2019-20 | : | મધ્યકાલિન યુગના કવિઓ |
| 2021-22 | : | ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ |

## પ્રાક્કથન

**ડૉ. હસમુખ મોદી**
નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત સૂર્યકાન્ત પરીખ માનવ અભ્યાસ કેન્દ્ર પ્રતિ વર્ષ કોઈ એક મહાનુભાવના જીવનચરિત્રને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ યોજે છે. માનવજીવનના પથદર્શક આ મહાનુભાવોનો જીવન સંદેશ આપણા પ્રત્યેક વિદ્યાર્થી-અભિભાવક સુધી પહોંચે તેમજ આપણા સૌનું જીવન ઉન્નત બને એવા શુભ આશય સાથે આ કેન્દ્ર કાર્યરત છે.

ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ આ કેન્દ્ર આયોજિત વિવિધ સ્પર્ધાઓ, પ્રવચનો, વાર્તાલાપો વગેરેમાં જોડાય છે. શાળાસ્તરે વિવિધ પ્રવૃત્તિઓ યોજીને આ મહાનુભાવોનાં જીવનકાર્યોની સુવાસ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. શાળાની પ્રાર્થના સભાઓમાં નિયમિત આ મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ફિલ્મ, નૃત્ય નાટિકા વગેરેનું દર્શન વિદ્યાર્થી માટે રોચક અને પ્રેરણાદાયી બની રહે છે.

શાળામાં પ્રતિ વર્ષે યોજાતા રંગોત્સવમાં પણ આ મહાનુભાવોને કેન્દ્રમાં રાખી વિશિષ્ટ કૃતિઓની રજૂઆત કરવામાં આવે છે. મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ક્વિઝ, લેખિત પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવે છે.

ચાલુ વર્ષ મહાનુભાવોના જીવન-કવનના બદલે વિદ્યામંદિર પરિવારે 'ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ' વિષય પર અભ્યાસ કરવાનું વિચાર્યું. બાળકો- શિક્ષકગણ- વાલીગણ આ 'ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ'ના વિચારોથી પરિચિત થાય અને ઐક્ય સાધવા માટે યોગ્ય વાતાવરણ સર્જવાનો વિદ્યામંદિર પરિવારનો આ નાનકડો પ્રયાસ હતો.

'ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ'ની માર્ગદર્શિત આ પુસ્તિકામાં બાલમંદિરથી તાલીમી કોલેજો સુધીના વિદ્યાર્થીઓના મૌલિક વિચારો આપ સૌના સુધી પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ છે. આશા છે કે કેન્દ્રનો આ પ્રયાસ આપ સૌને ગમશે.

વર્ષ 2021-22માં 'ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ' વિશે પ્રવૃત્તિઓ યોજી. પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ પેજ નં.૧ ઉપર પરિપત્ર રૂપે સામેલ છે.

# સૂર્યકાન્ત પરીખ સેન્ટર ફોર હ્યુમેનિટીઝ સ્ટડી

## પ્રકલ્પ વર્ષ :- ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ

**AIMS**:-

વર્તમાન પરિસ્થિતિને લીધે વિદ્યાર્થીઓ તેમજ ઉગતી પેઢીને જીવન મૂલ્યો પ્રત્યે કોઈ જ લગાવ નથી. ધીમે ધીમે તેઓ જીવન જીવવાની કળા તેમજ સામાજિક સબંધો અને ઉચ્ચ વિચારોથી અલિપ્ત થતા જાય છે. એવા પ્રસંગે સંસ્થાએ જીવન મૂલ્યોના સ્થાપન માટે તેમજ ઉચ્ચ વિચારો ધરાવતી વ્યકિતઓને કેન્દ્રમાં રાખી ભારતીય જીવનમાં ઉચ્ચ મૂલ્યોની સ્થાપના કરનાર ગાંધી-સરદાર-બુદ્ધ-મહાવીર-ટાગોર-મીરાં-વિવેકાનંદ વગેરે જેવા મહાપુરુષોના જીવનમાંથી વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તેમજ અભિભાવકશ્રીઓને પ્રેરણા મળે, તેમનાં જીવનમાં મૂલ્યોનું સિંચન કરી સંસ્કાર દ્વારા ચારિત્ર્ય ઘડતર કરવાનો આ કેન્દ્રનો મુખ્ય હેતુ છે અને તે માટે ટ્રસ્ટ દ્વારા આ કેન્દ્રની રચના કરવામાં આવી.

**લાભાર્થી :-** ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને સ્ટાફ (આશરેઃ ૫૦૦૦ વિદ્યાર્થીઓ, ૩૦૦ સ્ટાફ )

### કેન્દ્રના મહત્વના અંશો

**પ્રવૃતિઓ:-**

સેમિનાર, પ્રદર્શન, કાર્યશિબિર, વાર્તાલાપ, વ્યાખ્યાનમાળા, સ્કેચિંગ સેમિનાર, સાંસ્કૃતિક સ્વાધ્યાય કસોટી, નિદર્શન ( સ્લાઈડસ,ફિલ્મ, વિડિયો), રંગોત્સવ કૃતિ, સંવાદ – સંમેલન- સંગીતના કાર્યક્રમો

પ્રવચનો :--(એક્ષપર્ટના પ્રવચનો તથા સંસ્થા શાળાના શિક્ષકોના વકતવ્યો.)

પ્રવાસ : -- (પ્રકલ્પ વર્ષના વિષય આધારિત સ્થળોની મુલાકાત કે પ્રવાસ)

વકતવ્યઃ-- (શાળાસભામાં "પ્રકલ્પ વર્ષના વિષય આધારિત" શિક્ષક અને વિધાર્થી દ્વારા વક્તવ્ય.)

પુસ્તિકા નિર્માણ,વિમોચન અને વિતરણ ઈનામ વિતરણ અને સમાપન સમારોહ

સ્પર્ધાઓ:- વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્યગાન, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ, બુલેટિન બોર્ડ સજાવટ, આલ્બમ બનાવવા, પ્રોજેકટ કાર્ય વગેરે.

**સમાપન સમારોહ:-**

કોઈ મહાનુભાવની ઉપસ્થિતિમાં વિજેતા વિધાર્થીઓને (આશરે-૬૦૦ વિદ્યાર્થીઓ) ઈનામ અને સર્ટી. આપી પુરસ્કૃત કરવા. શરૂઆતઃ- જૂન માસમાં શૈક્ષણિક વર્ષના આરંભમાં સેમિનાર યોજી માર્ગદર્શન આપી કરવામાં આવે છે અને સમાપન સમારોહ ફેબ્રુઆરી માસમાં કોઈ મહાનુભાવની ઉપસ્થિતિમાં કરવામાં આવે છે.

| નિયામકશ્રી | ઓલસેન્ટર્સ ઈન્ચાર્જશ્રી | સંયોજકશ્રી |
|---|---|---|
| ડૉ. હસમુખ મોદી | શ્રી કનુભાઈ પ્રજાપતિ | શ્રી ભાનુપ્રસાદ રાવલ |

# ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ

## પ્રસ્તાવના

વિદ્યામંદિર શિક્ષણ સંકુલની ગૌરવપ્રદ પરંપરાઓનું વહન કરતું સૂર્યકાન્ત પરીખ માનવ અભ્યાસ કેન્દ્રનું સ્થાન મૂલ્ય શિક્ષણજગતમાં મૂઠી ઊંચેરું છે. આ કેન્દ્ર મૂલ્યશિક્ષણની ઈમારતના પાયાનું નિર્માણ કરે છે. કેન્દ્ર સતત પ્રયોગશીલતા અને પરિવર્તન થકી બાળકો અને સમાજના સર્વાંગીણ વિકાસ માટે અવિરત ધબકતું રહે છે.

સમયાંતરે પરિવર્તન - સૃષ્ટિના આ ક્રમને સહેતુ સ્વીકારવું અનિવાર્ય છે. પ્રગતિના પરિબળ સમાન તંદુરસ્ત સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી, તેઓ જીવનમૂલ્યના સિંચન દ્વારા ઉચ્ચકોટિના સંસ્કારો પ્રાપ્ત કરે અને તેમનામાં ચારિત્ર્ય ઘડતર તે શિક્ષણનું પ્રથમ સોપાન છે.

ભારતીય જીવનમાં ઉચ્ચ મૂલ્યોની સ્થાપના, ગાંધી, બુદ્ધ, મહાવીર, સ્વામી વિવેકાનંદ જેવા અનેક મહાનુભાવોનું જીવન દર્શન પ્રસ્થાપિત કરવું અને સાથે સાથે આ મહાનુભાવોના જીવનમૂલ્યોનું સિંચન કરી સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતર કરવું તથા ઉચ્ચ વિચારો અને મૂલ્યો પ્રમાણે જીવન જીવતી અન્ય વ્યક્તિઓના જીવનમાંથી વિદ્યાર્થી તેમજ સમાજને પ્રેરણા મળે, આવનારી પેઢીઓમાં મહાપુરુષોના વિચારો જીવંત રહે તે માટેનો અથાગ પ્રયત્ન કેન્દ્ર થકી થઈ રહ્યો છે.

આ પુસ્તકમાં "ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ" પ્રકલ્પ વર્ષ પર બાલમંદિરથી પીટીસી કોલેજો સુધીના વિદ્યાર્થીઓ અને સ્ટાફે જે કંઈ કામગીરી કરી છે તેની વિશિષ્ટ કૃતિઓનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓના પ્રથમ કક્ષાના મૌલિક વિચારો નિબંધ સ્વરૂપે -કાવ્ય સ્વરૂપે અહીં રજૂ કરેલ છે.

પ્રકલ્પ વર્ષ ૨૦૨૧-૨૨માં "ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ" વિષયને લઈને વર્ષ દરમ્યાન સારી રીતે પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ કરવામાં આવી."ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ" વિશે માર્ગદર્શિત પુસ્તક સંકલિત કરીને કેન્દ્ર દ્વારા આપના સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

- **શ્રી ભાનુપ્રસાદ પી. રાવલ**
સંયોજક,
સૂર્યકાન્ત પરીખ માનવ અભ્યાસ કેન્દ્ર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ♦ આ ગુજરાત છે. | ૦૪ |
| ♦ પગલે પગલે | ૦૪ |
| ♦ આંધળી માનો કાગળ | ૦૫ |
| ♦ નિબંધ | ૦૬ |
| ♦ રાષ્ટ્રીય શાયર - ઝવેરચંદ મેઘાણી | ૦૭ |
| ♦ નમીએ તુજને | ૦૮ |
| ♦ "ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ" | ૦૯ |
| ♦ "જીવન અંજલિ થાજો" | ૧૧ |
| ♦ ઘર | ૧૨ |
| ♦ હિંદ માતાને સંબોધન | ૧૩ |
| ♦ વિદ્યાર્થી - શિક્ષક સર્જન | ૧૪-૨૧ |
| ♦ 'વૈષ્ણવજન' | ૨૨ |
| ♦ રામબાણ | ૨૩ |
| ♦ ઝઘડો લોચન - મનનો | ૨૪ |
| ♦ ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ | ૨૬ |
| ♦ ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ | ૨૯ |
| ♦ પુરસ્કૃત વિદ્યાર્થીઓની સારણી | ૩૨ |

## સૂર્યકાન્ત પરીખ સેન્ટર ફોર હ્યુમેનિટીઝ સ્ટડી । પ્રકલ્પ વર્ષ :- સારસ્વત પરિચય (Only for Teachers)

દરેક શિક્ષકશ્રીએ આ સારસ્વતશ્રીઓ વાચવા સમજવા અને પોતાના મૌલિક વિચારોમાં એક લેખ લખીને ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં પોતાની સંસ્થાના વડા મારફતે કેન્દ્રને મોકલી આપવા.

- ફાધર વાલેસથી જે યાત્રા પ્રારંભી
- અને જાણે નરસિંહરાવ દિવેટીયાએ મંગળ મંદિર ખોલ્યા.
- ત્યાં તો દલપતરામે ઋતુઓનું વર્ણન કર્યું.
- 'ગની' દહીંવાલાએ નિષ્ફળ નિષ્ફળ રમતા શીખવ્યું.
- અમૃત 'ઘાયલ' એ શાનદાર જીવ્યાનો દાખલો આપ્યો.
- દૂધમાં સાકરની જેમ ઉમાશંકર જોશીએ પરિચય આપ્યો.
- મરીઝએ ધીમા પ્રવાસનું ભાન કરાવ્યું.
- 'શૂન્ય' પાલનપુરીએ મંદિરમાં દેવોના દર્શન આપ્યા.
- ધૂમકેતુ મરિયમ ન મળી, કાગળે ન મળ્યો ના દુઃખદ સંદેશા લાવ્યા
- ગુજરાતના નાથ કનૈયાલાલ મુન્શી પાસેથી મળી આવ્યા.
- ઝવેરચંદ મેઘાણીએ લગાડ્યો કસુંબીનો રંગ.
- સરસ્વતીચંદ્ર આપી ગોવર્ધનરામ ત્રિપાઠીએ ધન્ય કર્યા.
- રમણલાલ દેસાઈએ દેખાડ્યું, કેમ આકાશમાં ઉડતું કિલ્લોલ કરતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની ગયું!
- ખબરદારએ જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત! દાખવ્યું.
- બોટાદકર, સાચે જ જનનીની જોડ જગે નહીં જડે રે, લોલ!
- છ અક્ષરનું નામ પણ રમેશ પારેખ ઘણું કહી ગયા.
- બાલાશંકર કંથારીયાએ જીવન મંત્ર આપ્યું - ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે. ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણે લેજે .
- રાવજી પટેલએ મારી આંખે કંકુના સૂરજ આથમ્યાથી હદય કંપાવી દીધું.
- ઈન્દુલાલ ગાંધીએ આંધળી માનો પત્ર પ્હોંચાડયો.
- અખો તમે મૂરખ બનતાં બચાવ્યા. એક મૂરખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ.
- સુંદરજી બેટાઈએ પ્રોત્સાહન આપ્યું જાવું જરૂર છે. બંદર છો દૂર છે.
- રાજેન્દ્ર શુકલના પ્રશ્નનો નથી જવાબ હજી - કીડી સમી ક્ષણોની આ આવ જાવ શું છે?
- નરસિંહ મહેતા સાથે વૈષ્ણવજન થયા અને પીડ પરાઈ જાણી.
- હેમન્ત દેસાઇને મનગમતું ગમ્યું -
  બૂટ બાટા સિવાયના, કઠોળ ચણાદાળ સિવાયનાં,
  શાક રીંગણ સિવાયનાં અને કપડાં ખાદી સિવાયનાં કોઇ પણ મને ગમે.
- માણસમાં રાખ્યા જયંત પાઠકએ રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે. હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે,
- બાલમુકુન્દ દવે એ સમજાવી દીધું સાનમાં
- કૃષ્ણલાલ શ્રીધરાણી સાચી પૂજા શીખવી. ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય; ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય; ન નૈવેદ્ય તારું આ ! પૂજારી પાછો જા !
- પાન લીલું જોયું ને હરીન્દ્ર દવે યાદ આવ્યાં.
- પ્રીતમનો હરીનો મારગ શૂરાનો છે.
- મકરંદ દવેનો ગુલાલ તો કદી ગુંજે નહીં ભરાય ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીયે ,ગમતાંનો કરીએ ગુલાલ.
- ચંદ્રકાન્ત બક્ષીનું આ વાક્ય બહુ મોડું વાચ્યું ખરાબ આદતોને નાની ઉંમરથી શરૂ કરવી જોઈએ કે જેથી મધ્યવયમાં છોડી શકાય!
- સુરેશ દલાલ, તમે વાતો કરો તો થોડું સારું લાગે
- હું તો બસ ફરવા આવ્યો છું! નિરંજન ભગત સાથે ફરવાની મજા આવી.
- 'બેફામ' તો યે કેટલું થાકી જવું પડ્યું? નહીં તો જીવનનો માર્ગ છે, ઘરથી કબર સુધી.
- જયંતિ દલાલનું સચોટ વાક્ય સૌથી ભયંકર વસ્તુ એ છે કે, આજે આપણને કશું ભયંકર લાગતું જ નથી.
- કુન્દનિકા કાપડિયા સાથે સાત પગલાં આકાશમાં ભર્યા.
- ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ? કહેશો રાજેન્દ્ર શાહ
- ખરેખર શયદા, તું કહે છે અશ્રુ ચાલ્યા જાય છે, હું કહું છું જિંદગી ધોવાય છે.
- પિનાકિન ઠાકોર સાથે પોકારું, હે ભુવન ભુવનના સ્વામી,
- કલાપી તમને શું કહુ, જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની,
- કુમારપાળ દેસાઇ એ દર્દ અને દયાનો ભેદ દાખવ્યો. 'મારી આંખોમાં દર્દ છે, દયાની ભીખ નથી.'
- યાહોમ કરીને પડો, ફતેહ છે આગે. ખરું કહ્યું નર્મદે
- શ્યામ સાધુજી બારી બહાર શૂન્યતા ખડખડ હસી પડી. ઘરમાં ઉદાસ મૌનનાં ટોળાં હળી ગયાં.
- કરસનદાસ માણેક, તમારું જીવન અંજલિ થયું.
- મનોજ ખંડેરિયા તમે કહેશો કેમ આમ બને કે પકડું કલમને, ને હાથ આખેઆખો બળ છે?
- 'સૈફ' પાલનપુરી તમે તો છો ગઝલ સમ્રાટના શિષ્ય મને બનવું તમારી શિષ્ય
- નાથાલાલ દવે, કામ કરે ઇ જીતે રે માલમ ! કામ કરે ઇ જીતે.
- દિનકર જોશી સાહેબ, ' પ્રકાશના કાંઇ પડછાયા હોય ? જુદી જિંદગી છે મિજાજે - મિજાજે, સરોદજી!
- ઘણીવાર વિચારું જગદીશ જોષીજી ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને આપણે હળ્યાં પણ આખા આ આયખાનું શું?
- માથું અરીસામાં જ રહ્યું. ને બહાર નીકળી પડી હું, સંસ્કૃતિરાણી દેસાઇ તમે કદાચ મળી જશો.
- તમારી વાત સાવ સાચી હિમાંશી શેલતજી , જીવીએ પહેલાં પછી લખાય તો ઠીક છે, ન લખાય તો વસવસો નથી
- હાસ્ય એ દરેક રોગોનો રામબાણ ઇલાજ છે. તારક મહેતા સાહેબનું રામબાણ અકસીર છે.
- ચંદ્રકાન્ત શેઠ કવિતા જન્મે છે વ્યક્તિમાં, પણ જીવે છે સમાજમાં.

તા.૨૮/૬/૨૦૨૧ **સંયોજક**

***ક્ષમા યાચના*** **:- ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓના કર્મચારીગણ દ્વારા સંશોધન કરીને જે લેખો કેન્દ્રને આપેલા છે તે લેખો પુસ્તકમાં સ્થાનના અભાવે છાપી શક્યા નથી. આ લેખોનો નિષ્ઠાના આગામી અંકમાં સમાવેશ કરીશું.**

## આ ગુજરાત છે
- નાઝિર દેખૈયા

જૈનિલ હિતેશભાઈ પટેલ
શ્રી જૈન શિશુશાળા

સ્વર્ગથીયે રમ્ય એવું સ્થાન આ ગુજરાત છે.
કોક'દિ મહેમાન થા ભગવાન ! આ ગુજરાત છે.
જ્યાં જશે ત્યાં આવકારો તુજને સાંપડશે જરૂર,
માન કે ના માન ઓ મહેમાન આ ગુજરાત છે.
સંત સાધુ-ઓલિયાઓનાં અહીં છે બેસણાં,
સાચવીને ચાલ ઓ ઈન્સાન ! આ ગુજરાત છે.
શસ્ત્રવિણ તોડી ગુલામ કેરી જેણે શૃંખલા
એવાં પાક્યાં છે અહીં સંતાન આ ગુજરાત છે.
જ્યાં શિકારી પર કરે હુમલો ફરીને ખુદ શિકાર
લો વિચારો કેટલું બળવાન આ ગુજરાત છે.
પુણ્ય પરખાય પરિમલથી જ 'નાઝિર' એ રીતે
ભવ્ય ભારતનું અનુસંધાન આ ગુજરાત છે.

અહીં કવિએ સ્વર્ગથી પણ સુંદર હોય એવા આપણા ગુજરાતના ગુણગાનનું ખૂબ જ સરસ રીતે વર્ણન કર્યું છે. ગુજરાતએ ભારતનું હૃદય સમાન છે.

કવિ ઈશ્વરને અહીં અતિથિ બનવા નિમંત્રણ આપે છે. કારણ કે આ સંત-સાધુઓની સાત્વિક ભૂમિ છે. ગુજરાતમાં હંમેશાં અતિથિ દેવોની પ્રણાલી જોવા મળે છે. ગુજરાતમાં જ્યાં જાઓ ત્યાં તમને મીઠો આવકારો જરૂર મળે છે. ગુજરાતનાં કેટલાય નેતાઓ, ક્રાંતિકારીઓ અને નામી-અનામી લોકો આઝાદી માટે શહીદ થયા છે. આ કાયરોનું નહિ પરંતુ નીડરોનું બળવાન ગુજરાત છે. ગુજરાત સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા ધરાવે છે તેથી કવિએ તેને ભારતનું અનુસંધાન કહ્યું છે.

## પગલે પગલે

દૃષ્ટિ નરેન્દ્રકુમાર
શ્રી રાજમણિ પ્રાથમિક શાળા

કવિ - સંતબાલ
જન્મ :- ૨૬-૦૮-૧૯૦૪
મૃત્યુ :- ૨૬-૦૩-૧૯૮૨

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા
પંથ તારો કાપ્યે જા.

કાંટા આવે, કંકર આવે
ધોમ ધખંતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે,
ધૈર્ય ધારી ચાલ્યો જા
દુર્ગમ પંથ કાપ્યે જા... પ્રેમળતા...

હિંમત તારી ખોતો ના,
સ્વાર્થ સામે જોતો નાં,
શિસ્ત શાંતિને સેવાનો તું (૨)
પાઠ સૌને આપ્યે જા (૨)
દુર્ગમ પંથ કાપ્યે જા... પ્રેમળતા...

# આંધળી માનો કાગળ

જીયા પટેલ
શ્રી સી.કે.મહેતા પ્રે. શાળા

- કવિ ઈન્દુલાલ યાજ્ઞિક

ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ ૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨માં નડિયાદમાં થયો હતો અને તેમનું મૃત્યુ ૧૯ જુલાઈ ૧૯૭૨માં થયું હતું. તેમનું ઉપનામ પામદત હતું. જેઓ 'ઈન્દુચાચા' તરીકે જાણીતા હતા. તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક પુરસ્કાર પણ મળ્યો હતો.

કવિ ઈન્દુલાલ યાજ્ઞિકની આ કવિતા આંધળી માનો કાગળમાં કવિ કહે છે કે, આંધળી મા જેનું હૈયું અમૃતથી ભરેલું છે અને સાગર જેવડું એનું મન છે અને એ પૂનમના ઊગેલા ચંદ્રના અજવાળે આ ડોશી તેના દીકરાને પત્ર લખાવે છે.

એનો દીકરો ગગો મુંબઈ ગામે ગયો છે. ગીગુભાઈ નાગજી એનું નામ છે. આંધળી મા કાગળમાં લખાવે છે કે, પાંચ વરસ થઈ ગયા પણ એક પાઈ મળી નથી અને ભાઈ કાગળની એક ચિઠ્ઠી પણ મળી નથી. તારા આ સમાચાર સાંભળી મારે કેટલા દિવસ રોવું?

ભાણાનો ભાણીયો લખે છે કે,
ગીગુ રોજ મને ભેળો થાય,
દન આખો જાય દાડિયું ખેંચવા
રાતે હોટલમાં ખાય.

મા કહે છે કે, ભાણાનો ભાણીયો પત્રમાં લખે છે કે, ગીગુ રોજ મને મળે છે, કહે છે કે આખો દિવસ કામ કરવા જાય છે અને રાત્રે હોટલમાં જઈને ખાય છે. દરરોજ નવા-નવા કપડા પહેરે છે અને પાણીની જેમ પૈસા વાપરે છે.

આ સાંભળીને આંધળી મા કહે છે કે, હોટલનું રોજ ખાતો નહિ અને ખર્ચા ઓછા કરજે ક્યારેક ભાઈ બીમારી આવી જશે ત્યારે આપણે દવાના પૈસા ક્યાંથી લાવીશું? તારું શરીર તંદુરસ્ત રાખજે એ જ આપણા ગરીબની મૂડી છે.

ખેતર વેચી દીધું છે, ખોરડું વેચ્યું અને કૂબામાં રહું છું. જારનો રોટલો મળે નહીં ત્યારે એકલી છાશ પીવું છું. તારે તો જાત-જાતનું ખાવાનું છે. મારે તો જારનો રોટલો ખાવાનો છે. જ્યારે આંખે જોતી હતી ત્યારે મજૂરી કરી હતી પણ હવે મને આંધળીને કોઈ કામ આપતું નથી.

તારે ઘરે તો વીજળીના દીવા થાય અને મારે તો રોજ અંધારામાં રહેવું પડે છે. તારી આંધળી માનો લખેલો કાગળ વાંચજે. એક અંગ સાજું નથી. કોઠીમાંની જાર ખૂટી છે. મારે જીવવાનો કોઈ આધાર નથી અને ભીખ માંગવાનો વારો આવ્યો છે. હવે માંદી પડેલી હું પ્રભુના ગુણ ગાઉં છું. હવે મારી એક જ આશા છે કે, મારી અર્થી તારા ખભે જાય. જ્યારે મારો મરવાનો સમય હોય ત્યારે તું મારી પાસે રહેજે.

આ રીતે આંધળી મા, મુંબઈ રહેતા તેના દીકરાને પત્ર લખીને પોતાની વેદના વ્યક્ત કરે છે.

## નિબંધ

પ્રાંશી દિગ્નેષભાઈ ભાલકીયા
શ્રીમતી એમ.એમ.મહેતા અં.મા. શાળા (ધો. ૩ થી ૫)

**"સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી
મળી માતૃભાષા મને ગુજરાતી"**

આપણું ગુજરાતી સાહિત્ય અત્યંત સમૃદ્ધ અને વૈભવશાળી છે. ગુજરાતી સાહિત્યકારોમાં કવિ શ્રી પ્રેમાનંદ મને સૌથી પ્રિય છે. કવિ શ્રી પ્રેમાનંદ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકાર હતા. તેઓનો જન્મ ઈ.સ.૧૬૪૯ (સત્તરમી સદી)માં થયો હતો. તેમનું મૂળ નામ પ્રેમાનંદ કૃષ્ણરામ ભટ્ટ હતું. તેઓ વડોદરાના વતની હતા. વ્યવસાયે તેઓ માણભટ્ટ (ગાગરીયા ભટ્ટ) હતા. તેમના ગુરૂ રામચરણ હરિહરણ હતા. તેઓનું મૃત્યુ ઈ.સ. ૧૭૧૪માં થયું હતું.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ત્રીજો યુગ (૧૭મી સદીથી ઈ.સ. ૧૮૫૨ સુધી) "પ્રેમાનંદ યુગ" તરીકે ઓળખાય છે. પ્રેમાનંદને "મહાકવિ" આખ્યાન શિરોમણી, "રસસિદ્ધ કવિ" "શ્રેષ્ઠ આખ્યાનકાર" અને "સાહિત્ય ચોર" જેવા ઉપનામો મળેલા છે.

પ્રેમાનંદે મુખ્યત્વે આખ્યાનોની રચના કરી છે. આખ્યાન એટલે કોઈ પણ પૌરાણિક પ્રસંગને લોકકથા સ્વરૂપે રજૂ કરવો. પ્રેમાનંદે મહાભારત આધારિત (નળાખ્યાન, અભિમન્યુ આખ્યાન, ચંદ્રાહાસ આખ્યાન), રામાયણ આધારિત (રણયજ્ઞ આખ્યાન), ભાગવદ્ ગીતા આધારિત (ઓખા હરણ, સુદામા ચરિત્ર, દસમ સ્કંધ), નરસિંહ મહેતાના જીવન પર આધારિત (શામળશાનો વિવાહ, કુંવરબાઈનું મામેરૂં) જેવા અનેક પ્રસંગો પર આધારિત અસંખ્ય આખ્યાનોની રચના કરી છે. પ્રેમાનંદની રચનાઓમાં ભાગવત આધારિત ઈ.સ. ૧૬૮૨માં રચાયેલું અને સૌથી નાનું આખ્યાન "સુદામા ચરિત્ર" મારું પ્રિય આખ્યાન છે.

"સુદામા ચરિત્ર" : સુદામાના પત્નિ સુશીલા પોતાના પતિ સમક્ષ તેમની ગરીબાઈ, ઘરની દયનીય પરિસ્થિતિ તેમજ તેમના બાળકોની ભૂખથી થયેલ હાલતનું વર્ણન કરે છે. આ સંવાદમાં પ્રેમાનંદ કરૂણરસનો અનુભવ કરાવે છે.

ત્યારબાદ તેઓ સુદામાને તેમના બાળપણના મિત્ર કૃષ્ણ પાસે મદદ માંગવા જવાનું સૂચન કરે છે. પરંતુ સુદામા તેમની પત્નીને સલાહ આપે છે કે સુખ-દુ:ખની ચિંતા કર્યા વિના ભગવાનનો આભાર માનો કે આપણને મનુષ્યનો અવતાર મળ્યો છે. અંતે સુશીલા સલાહથી પેટ નથી ભરાતું પેટ તો અન્નથી ભરાય છે તેવી દલીલ કરી સુદામાને દ્વારકા મોકલે છે. સુદામા ચરિત્ર આખ્યાનમાં પ્રેમાનંદ કૃષ્ણ-સુદામાના મિલન પ્રસંગ સુંદર રીતે રજૂ કર્યો છે. તેમા શૃંગાર - રસનો અનુભવ થાય છે. સંકોચના કારણે સુદામા શ્રીકૃષ્ણ પાસે કશું માંગી શકતા નથી. પરંતુ, તેઓ જ્યારે પોતાના ગામે પાછા ફરે છે ત્યારે પોતાની ઝૂંપડીના સ્થાને મહેલ જોઈ તરત જ સમજી જાય છે કે તેમના મિત્રે વગર માંગ્યે જ એક વાટકી તાંદુરના બદલામાં તેમને આટલું બધું આપી દીધું છે.

આમ "સુદામા ચરિત્ર" આખ્યાનમાં કવિ શ્રી પ્રેમાનંદે કર્મ, સંતોષ અને મિત્રતાના મૂલ્યો વિષે સમજ આપી છે. આ કૃતિમાંથી આપણને શીખવા મળે છે કે આપણે જેવું કર્મ કરીએ તેવું જ ફળ મળે.

"જૈસી કરની વૈસી ભરની"

પ્રેમાનંદની સુંદર પંક્તિઓ : ● સુખ દુ:ખ મનમાં ન આણીએ ● ગોળ વિના મોળો કંસાર મા વિના સુનો સંસાર.

વડોદરામાં પ્રેમાનંદ સાહિત્ય સભા આવેલી છે. તે સંસ્થા દર બે વર્ષે "પ્રેમાનંદ ચંદ્રક" આપે છે.

## ઝવેરચંદ મેઘાણી
## રાષ્ટ્રીય શાયર

અર્પિત ચૌધરી
શ્રી આઈ. જે. મહેતા વિનયમંદિર

**''મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે**
**ભારતની ભોમમાં ઝઝેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે ''**

**પ્રસ્તાવના :-**

ગુજરાતી કાવ્યોમાં ગુજરાતી ગરિમાની ગાથા રજૂ કરતો અનેરો રસાસ્વાદ છે. તેમાં આપણા ગુજરાતના કવિઓ જેવા કે ઝવેરચંદ મેઘાણી, અરદેશર ખબરદાર, ન્હાનાલાલ, મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરેએ ગુજરાતી કાવ્યોને ગૌરવ આપવા પોતાની આગવી સૂઝ વડે પ્રાણવાન કાવ્યોનું સર્જન કરીને પોતાનું યોગદાન ગુજરાતને ચરણે અર્પણ કર્યું છે. આપણા કવિઓએ ગુજરાતનો વીર, શ્રૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભૂત અને શાંત આ નવ રસનું વર્ણન અલગ-અલગ કાવ્યો દ્વારા વર્ણવેલું છે. એમાં ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય- સર્જન અનોખું છે.

**''રાજ! મને લાગ્યો કસુંબીનો રંગ**
**જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ''**

જેમને યાદ કરતાં જ લોહીમાં ઉછળવા લાગે છે કસુંબીનો રંગ એવા ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૨૮ ઓગસ્ટ ૧૮૯૭માં સુરેન્દ્રનગરના ચોટીલામાં થયો હતો. તેમના પિતા કાળીદાસ બગસરાના જૈન વણીક હતા. તેમની માતાનું નામ ધોળીબાઈ હતું. તેમના પત્ની દમયંતીબેન અને તેમના મૃત્યુ બાદ ચિત્રદેવી હતા. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રના વિવિધ સ્થળે અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૧૬માં સંસ્કૃત વિષય સાથે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી સ્નાતક થયા. ભાવનગરની સનાતન ધર્મ હાઈસ્કૂલમાં ખંડ સમયના શિક્ષક તરીકે નોકરી કરી. કલકત્તામાં એલ્યૂમિનિયમના કારખાનામાં મેનેજર થયા.

**મેઘાણીની જીવન-ઝરમર**

ઝવેરચંદ મેઘાણીએ બાર વર્ષની નાની વયે જૈન સ્તવનની રચના કરી. પોતાના બાળપણના અને સૌરાષ્ટ્રના અનુભવોને આધારે 'ચોરાનો પોકાર' લેખ લખ્યો. અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર દૈનિકમાં' પત્રકાર થયા અને રાણપુર વસ્યા. મેઘાણીને પોતાનું પ્રિય કામ મળ્યું. અનેક વિસ્તારોમાં ફરી વળીને દુહાગીરો, કથાકારો, વૃદ્ધજનો, સ્ત્રી-પુરુષો પાસેથી લોકગીતો અને લોકકથાઓ નોંધીને તેનું સંશોધન, સંપાદન, લેખન શરૂ કર્યું.

**''નથી જાણ્યું અમારે પંથ શી આફત પડી છે. ખબર છે એટલી કે મોતની હાકલ પડી છે.''**

ઈ.સ. ૧૯૩૦માં સત્યાગ્રહ સંગ્રામ માટે રચેલાં શૌર્યગીતોના સંગ્રહ 'સિંધુડો' માટે બે વર્ષ કારાવાસ ભોગવ્યો. અદાલતમાં પણ તેમણે 'છેલ્લી પ્રાર્થના' કાવ્ય ગાયું. મેઘાણી વારંવાર જેલમાં ગયા. સાબરમતી જેલમાં પણ તેમણે 'કોઈનો લાડકવાયો' કાવ્ય લખ્યું. ઈ.સ. ૧૯૩૧માં ગોળમેજી પરિષદમાં જતા ગાંધીજીને સંબોધીને 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું.

**'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપું,**
**સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપું.'**

ગાંધીજીએ મેઘાણીને તેમનો રચેલ લોકપ્રિય કાવ્ય સંગ્રહ 'યુગ વંદના'ના આધારે 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ આપ્યું હતું. તેમણે રચેલ કાવ્યો વેણીના ફૂલ, કિલ્લોલ, સિંધુડો- યુગવંદના, એકતારો, બાપુના પારણા વગેરે તેમજ રવિન્દ્ર- વીણી કે જેમાં કવિ ટાગોરના ગીતોનું અનુ-સર્જન કરેલ છે. આ તેમની મુખ્ય કાવ્ય સંગ્રહો છે.

મેઘાણીની શ્રેષ્ઠ રચના 'ચારણ કન્યા' એ એક સોળવરસની ચારણ કન્યાનો વીરરસ દર્શાવતી સત્ય ઘટના છે. જે મેઘાણીએ જાતે નિહાળતાં તેમના દેશની દીકરી હિરબાઈની વીરગાથા રજૂ કરવા તેમના મોં માંથી સરી પડેલ અને શરીરના રૂવાડાં ઉભા કરી દે તેવા કાવ્યનું સર્જન કર્યું.

**''ચૌદ વરસની ચારણ કન્યા, ચુંદડીવાળી ચારણ કન્યા**
**શ્વેત-સુંવાળી ચારણ કન્યા''**

મેઘાણીએ રચેલી અન્ય એક કૃતિ 'શિવાજીનું હાલરડું' એ પણ એક લોકપ્રિય કાવ્ય છે.

**'' આભમાં ઊગેલ ચાંદલો, ને જીજાબાઈને આવ્યાં બાળ,**
**બાળુડાને માત હીંચોળે ઘણઘણ ડુંગરા બોલે, શિવાજીને નીદરૂ ના'વે**
**માતા જીજાબાઈ ઝુલાવે ''**

તેમણે 'મરેલાં રૂધીર' નામની પોતાની પુસ્તિકા લખી. ઈ.સ. ૧૯૪૬માં રાજકોટ ખાતે ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ થયા.

**પુરસ્કાર :-**

લોક સાહિત્યમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સૌ પ્રથમ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મેળવનાર મેઘાણી હતા. 'માણસાઈના દીવા' માટે ૧૯૪૬માં 'મહીડા પારિતોષિક' એનાયત થયો હતો.

૯ મી માર્ચ ૧૯૪૭ના દિવસે ૫૦ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસ સ્થાને આ મહાનાયક સર્જકે આ દુનિયાની ચિર વિદાય લીધી.

**ઉપસંહાર :-**

આમ પહાડનું બાળક તરીકે ઓળખાતા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ નાટક, નવલકથા, નવલિકા, વાર્તા સંગ્રહ, કાવ્યો તથા લોકકથામાં 'સૌરાષ્ટ્રની રસધારા' લોકગીત સંગ્રહ વગેરે મુખ્ય છે. તેમની અંતિમ કૃતિ 'સોરઠી સંતવાણી' દ્વારા તેમની આ સાહિત્યયાત્રાને વિરામ આપ્યો.

---

## નમીએ તુજને


**દ્વિતી પટેલ**
શ્રીમતી એમ.એમ.મહેતા
અં.મા. સ્કૂલ (ધો.૨ )


કવિ પરિચય : ઝીણાભાઈ રતનજી દેસાઈ
જન્મ : ૧૬ એપ્રિલ, ૧૯૦૩ - ચિખલી, ગુજરાત
મૃત્યુ : ૬ જાન્યુઆરી, ૧૯૯૧

આ કવિતાના કવિ ઝીણાભાઈએ કવિતામાં ભગવાનનો ખૂબ સરસ મહિમા ગાયો છે. આ કવિતામાં પંખી અને માણસો ભગવાનનું ધ્યાન ધરે છે. બધામાં ભગવાનનો વાસ છે તેવું કહેવામાં આવ્યું છે. આપણે દરેક પળમાં ભગવાનને યાદ કરવા જોઈએ અને ભગવાન જ આપણા રક્ષણહાર છે. આ બધી દુનિયા તેમણે બનાવી છે અને સૌને તારો આધાર છે. બધા વારંવાર ભગવાનને નમીને વંદન કરે છે.

પરોઢિયે પંખી જાગીને,
ગાતા તારા મીઠાં ગાન
પરોઢિયે મંદિર-મસ્જિદમાં,
ધરતા લોકો તારું ધ્યાન.

તું ધરતીમાં, તું છે નભમાં,
સાગર મહીં, વસે છે તું,
ચાંદા સૂરજમાંયે તું છે,
ફૂલો મહી વસે છે તું.

હરતા- ફરતા કે નીંદરમાં,
રાતે-દિવસે સાંજ સવાર.
તારો અમને સાથ સદાયે,
તું છે સૌનો રક્ષણહાર.

દેવ, બનાવી દુનિયા છે તેં આ,
તારો છે સૌને આધાર.
તું છે સૌનો સૌ તારા છે,
નમીએ તુજને વારંવાર.

પરોઢિયે પંખી....

# "ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ"

દેસાઈ પ્રાચી રમેશભાઈ
શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર

ગુજરાતી કવિતાને આજે અડધી સદી વીતી ગઈ આ દરમિયાન વિવિધ ક્ષેત્રે જેમ કે, સમાજ, રાજકારણ, અર્થકારણ, રમતગમત, વિજ્ઞાન ટેક્નોલોજી વગેરેની વિશદ ચર્ચાઓ થાય છે. એ ન્યાયે ગુજરાતી સાહિત્યમાં વિશેષે કવિતાક્ષેત્રે કેવી કેવી અને શી ઉપ્લબ્ધિઓ થઈ ? તેની જિજ્ઞાસા પણ થાય.

૧૭ મી સદીમાં થઈ ગયેલા ગુજરાતના સૌથી મોટા વેદાન્તી કવિ અખાનો જન્મ ૧૫૯૧ તેમજ તેમનું મૃત્યુ ૧૬૫૬ માં થયું હતું. તેમનું મૂળ નામ અક્ષયદાસ સોની હતું. 'જ્ઞાનનો વડલો' અને 'હસતો ફિલસૂફ' તેમનું ઉપનામ છે. તેઓ કટાક્ષ અને નિર્મમના કવિ તરીકે જાણીતા છે. તેમનાં જાણીતા છપ્પાં નીચે મુજબ છે.

'તિલક કરતાં ત્રેપન થયાં ને જપમાળાના નાકા ગયાં,
તીરથ ફરી ફરી થાક્યાં ચરણ, તોય ન પહોચ્યાં હરિને શરણ
કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન'
"ઓછું પાત્રને અદકું ભણ્યો વઢકણી વહુએ દીકરો જણ્યો
મારકણો સાંઢ ચોમાસું માલ્યો કરડકણો કૂતરો હડકવા હાલ્યો
મર્કટને વળી મદિરા પીએ અખા એથી સૌ કોઈ બીએ."
"એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ
ભાષાને શું વળગે ભૂર ? રણમાં જે જીતે તે શૂર"

૧૯ મી સદી દેશમાં લોકજાગૃતિનું મોજું ફરી વળ્યું. નર્મદ દલપતના આગમને અર્વાચીન કવિતાનો ઉદય થયો. ૧૮૫૦ થી ૧૯૧૫ના ગાળાની કવિતાએ નવાં કલેવર ધારણ કર્યા. દલપતરામની જાણીતી પંક્તિઓ નીચે મુજબ છે.

"હતો હું સૂતો પારણે પુત્ર નાનો રડું છેકતો રાખતું કોણ છાનો
મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું મહા હેતવાળી દયાળી જ માં તું"
"ઊંટ કહે : આ સમામાં, વાકાં અંગવાળાં ભૂંડા,
ભૂતળમાં પક્ષીઓને પશુઓ અપાર છે."
'અંધેરી નગરી ગંડુ રાજા'
'પોલું છે તે બોલ્યું તેમાં કરી શી તે કારીગરી ?
સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.'

પ્રેમશૌર્ય તખલ્લુસથી જાણીતા કવિ નર્મદનું મૂળ નામ નર્મદશંકર લાભશંકર દવે હતું. તેઓને અર્વાચીનોમાં આદિનું બિરુદ પ્રાપ્ત થયેલું છે. વીર અને શૃંગારરસ નર્મદની કવિતાઓનો મુખ્ય રસ છે. તેમની જાણીતી પંક્તિઓ મનુષ્યમાત્રમાં પ્રેરણાનું સચોટ ઉદાહરણ પૂરું પાડે છે.

‘જય જય ગરવી ગુજરાત દીપે અરુણું પ્રભાત’
“સહુ ચલો જીતવાને જંગ, બ્યૂગલો વાગે
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે”
“શંખનાદ સંભળાયો ભૈયા, શૂર પુરુષને તેડું હો,
ધીક ધીક દાસપણું બળ્યું તમારું શાનપણું”

કાવ્યના રસાસ્વાદની વાત હોય ત્યારે ‘રાષ્ટ્રીય શાયર’ ઝવેરચંદ મેઘાણીને કેમ ભૂલી શકાય ? ‘રણજીતરામ સુવર્ણ ચંદ્રક’ વિજેતા મેઘાણી એ લોકહૃદયમાં ઉભરાતી લાગણીઓને કંઠ આપી એ વારસાને જીવતો રાખવાનું અમૂલ્ય કાર્ય કર્યું છે.

‘ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ, અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ’
“આભમાં ઉગેલ ચાંદલોને જીજાબાઈને આવ્યા બાળ રે...”
“છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો બાપુ !”
‘ચારણ કન્યા’

શ્રી ઉશનસ્ ગુજરાતના પ્રાણવાન કવિ છે, ‘પ્રસૂન’, ‘નેપથ્યે’, ‘મનોમુદ્રા’, ‘તૃણનો ગ્રહ’...... વ્યાકુળ વૈષ્ણવ..... એમ એક પછી એક સર્જનાત્મક શક્તિ દાખવતા કાવ્ય સંગ્રહો આપીને તેમણે ગુજરાતી કવિતા સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

બાઈ રે ! જરીક જ જો વધુ વેઠે !, આ રહ્યુ એનું મકાન ઢૂકડું
અહીં આગળ તરભેટેઃ જ્યાં તારી ધીરજ ખૂટી ને
ત્યાંથી જરીક જ છેટે .... બાઈ રે !
થોડુંક ચાલી નાખ વધારે, આટલું તો એટલડું.
અહીં તુ મૂળગું ખોય, સોચ કે ત્યાં પામે કેટલડું ?
કહ્યું કરે ના પાય તોયે જો , કાયા ઘસડતી પેટે ..... બાઈ રે !

શ્રી ઉશનસ્‌ની કવિતા કિનારામાં સઘળા લંગર કાપી નાખીને, સ્વેચ્છાએ મઝધારનાં જોખમો વચ્ચે ભર્યા ભર્યા સઢે, સ્થિર ગતિએ વિહરતી નિર્ભય નાવડી જેવી છે. અહીં પસંદ કરેલી ગેય રચનામાં ‘બાઈ રે!’ એવા ઉદ્‌બોધક લહેકાથી કવિએ લાંબી મજલ ખેડવા નીકળેલી આ રેયાર્થીબાઈ આટલે સુધી તો આવી, પણ થાકેલા ચરણ હવે ચાલવાની ના પાડે છે. હામ ખૂટી ગઈ છે. ત્યારે તેને આટલી મજલ તો કાપી તો ભેગાભેગી થોડી વધારે કાપી નાખ. મજલને અધૂરી મૂકીશ તો બધી મહેનત પાણીમાં જ જવાની છે. આમ, ભાગેલી હામને બેઠી કરવા કવિ જે સબળ ટેકો પૂરો પાડે છે. તે આખી કવિતાનો સ્તંભ બની રહે છે.

આમ ગુજરાતી કવિતાના દરેક તબક્કે પ્રયોગખોરી કે પરંપરાદાસ્યનાં વલણો જોવા મળે છે. એકવીસમી સદીની કવિતા મુક્ત મને ખીલી છે. હિન્દુત્વ, મુસ્લિમત્વ, ખ્રિસ્તીત્વ, બૌદ્ધિત્વ-બધું આવનારી સદીમાં અપ્રસ્તુત બની રહ્યું છે. કવિતામાં હવે કોઈ પણ વાદને નામે વાત અડકશે નહી. જે અડે નહીં તેનો પ્રભાવ ન પડે. જેનો પ્રભાવ ન હોય તેની સિદ્ધિ ક્યાં ? જ્યાં સિદ્ધિ ન હોય ત્યાં જીવન મૂલ્ય ન હોય અને એના વિનાની ‘કવિતા’ ક્યાંથી હશે? હવે મનુષ્યધર્મનો યુગ આવશે. એની કવિતા લખાશે. કવિતામાં વિશ્વ માનવીનો એક ચહેરો ઉભરાશે..... આમાંથી કોઈ સમર્થ કવિ પ્રતિભા પોતાની નવી કેડી આકારવા મથતી હોય એવું વૈશ્વિક વાતાવરણ છે. એવો કોઈ સમર્થ સર્જક મારી ભાષાને મળે એવી શુભેચ્છા સાથે, અસ્તુ......

નવિન કાલાભાઈ પટેલ
શ્રીમતી એમ.એમ.મહેતા
(EMS) માધ્યમિક શાળા

# "જીવન અંજલિ થાજો"

## "જીવન અંજલિ થાજો"

જીવન અંજલિ થાજો,
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,
દીન દુ:ખિયાનાં આંસુ લેતાં અંતર કદીન ધરાજો,
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
મારું જીવન અંજલિ થાજો !
વણથાક્યાં ચરણો મારાં નિત તારી સમીપે ધાજો,
હૈયાનાં પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો !
મારું જીવન અંજલિ થાજો !
વમળોની વચ્ચે નૈયા મુજ હાલક-ડોલક થાજો,
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો,
મારું જીવન અંજલિ થાજો !

આ પ્રાર્થના કાવ્યમાં કવિ કરશનદાસ માણેકે પરોપકારી જીવન જીવવાનો સંદેશ આપ્યો છે. પોતાનું જીવન અંજલિરૂપ બને, આપણુ જીવન અન્યને ઉપયોગી થાય તેવી આ કાવ્યમાં કવિએ માંગ કરી છે. કવિ અહિં જીવન જીવવાની શૈલી દર્શાવે છે. જેથી આપણે આપણું જીવન સાર્થક બનાવી શકીએ. કવિ આપણને નિ:સ્વાર્થ અને શ્રદ્ધાવાન જીવનની જીવવાનો સંદેશ આપે છે. અન્ય માટે જીવન સમર્પણ કરવાની દિવ્ય ભાવનાને કવિ 'જીવન અંજલિ થાજો' ધ્રુવપંક્તિ દ્વારા ખૂબ સરસ રીતે સમજાવે છે.

કવિ આપણાં જીવનને પરોપકારી બનાવવા માટે જે ભૂખ્યા હોય તે માટે ભોજન બનવા તરસ્યા માટે જળ બનવાનો આગ્રહ કરે છે. આવા ઉદાહરણો દ્વારા કવિ આપણને પીડિતો માટેની સેવા કે મદદ કરવાનો સંદેશ આપે છે. કવિ દીન-દુ:ખિયા અને પીડિત લોકોની મદદ કરતાં પોતાનું અંતર (હૈયું) કદી તૃપ્ત ન થાય તેવી આશા દર્શાવે છે આમ, દુ:ખિયાઓની મદદ કરી પોતાનું જીવન સાર્થક બનાવવાની સલાહ કવિ આપણને પ્રથમ ફકરામાં આપે છે.

બીજા ફકરામાં કવિ આપણને સાચનો માર્ગ અપનાવી પોતાના જીવનને સક્ષમ બનાવવા કહે છે. કવિ કહે છે કે, સત્યનો માર્ગ ભલે ગમે તેવો કઠિન હોય, ભલે તે અડચણોથી ભરેલો હોય પણ તે માર્ગ પર ચાલનારનો હંમેશા વિજય થાય છે. કવિ જીવનમાં માર્ગ પર પડેલા કાંટે દર્શાવે છે કે કાંટાઓને પુષ્પ સમજીને સત્યના માર્ગે પ્રયાણ કરવું જોઈએ. કવિ જગતના ઝેર લઈને તેને અમૃત બનાવવાનું કહે છે. લોકો ભલે આપણને ઝેર જેવી વાણીથી બોલાવે પણ આપણે પ્રેમ કે અમૃતના શબ્દોથી તેની ઝેર જેવી નફરતને પ્રેમમાં બદલી દઈએ. આમ, આ ફકરામાં કવિ આગ્રહ કરે છે.

પોતાના જીવનમાં સત્યના માર્ગે ચાલી તેઓ (કવિ) ભલે થાકી જાય, પણ તેમની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા એવી બની જાય કે તેમના પગ પ્રભુ તરફ વણચાલ્યા આગળ વધે. તેઓ પોતાના જીવનથી થાક્યા બાદ પણ તેઓની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા થોડી પણ હલે કે કમ ન થાય. તેમના જીવનમાં પ્રત્યેક પળમાં તેમના ઈશ્વરનો વાસ હોય અને પોતે ઈશ્વરનું નામ રટતા રહે એવું કવિ આ પંક્તિમાં કહે છે.

આ પંક્તિઓમાં કવિ પોતે સમુદ્રમાં વમળોની વચ્ચે પોતાની નાવ સાથે ફસાયા બાદ પણ તેઓની ઈશ્વરની શ્રદ્ધા હલે નહિ તે કદી ઓલવાય નહિ આમ, કવિ કરશનદાસ માણેક કહે છે.

સર્જકે આપણને આમ આ કાવ્યની અંદર પરોપકારી જીવન જીવવા માટેના ઉદાહરણ સમજાવ્યા છે અને આમ કવિશ્રીએ પોતે "જીવન અંજલિ થાજો" કાવ્યમાં પોતાનાં જીવનના ઉદાહરણો દ્વારા આ કાવ્યને સાર્થક અને સરસ રીતે રજૂ કર્યું છે. વિવિધ ઉદાહરણો દ્વારા તેઓએ કાવ્યને સમજાવ્યું પણ છે અને માત્ર આ કાવ્યનો રસાસ્વાદ અહિં કવિએ આપણી સમક્ષ રજૂ કર્યો છે.

## ઘર

✍ સંજય પોપટભાઈ સુથાર
શ્રીમતી એમ.એમ.મહેતા (EMS) ઉચ્ચતર પ્રાથમિક શાળા

**‘ઘર’**

મારે એવું એક ઘર હોય ! કે, જ્યાં આશાના તોરણો સ્થિત હોય,
ને શ્રદ્ધાનું કોડિયું દિવિત હોય !!
જ્યાં વિશ્વાસના પાયા ને ભીંત હોય, ને હવામાં ગુંજતું મધુર ગીત હોય !!
જ્યાં દરેકના ચહેરા પર સ્મિત હોય, ને પરસ્પર સૌને ખૂબ પ્રીત હોય !!
જ્યાં ધર્મથી પ્રેરિત દરેક રીત હોય, ને વ્યવહારમાં સૌનું હિત હોય !!
એવું એક ઘર મારું વિશ્વ હોય !! એવું એક વિશ્વ મારું ઘર હોય !!

- હેમાંશું મનોજભાઈ વોરા

આજનાં સમયમાં એટલે કે ઘોર અંધકારરૂપી કળિયુગમાં મનુષ્યને અંધકારમાં એક કિરણરૂપી પોતાના પરિવારથી ખૂબ જ લાગણી હોય છે. તેના જ પર કવિશ્રી હેમાંશું મનોજભાઈ વોરાએ ખૂબજ સરસ રીતે મકાનને ઘર બનાવતી કવિતા આપણને આપી છે. તે કવિતાનું નામ છે ‘ઘર’. હેમાંશું મનોજભાઈએ ખૂબ શિખામણ આપતી ગુજરાતી કવિતાઓ આપણને આપી છે અને ખરેખર તેમની કવિતાઓ જીવનમાં ઉતારાય એવી છે અને તેમની બધી જ કવિતા હૃદયને અડી જાય છે. તેમણે ગુજરાતી કવિ સાહિત્યમાં ખૂબ જ નામ કમાયું છે.

### નિબંધ - ઘર

ઘર એ જ્યાં આશરૂપી તોરણો બંધાય. જ્યાં ઘરની એક-એક ઈંટમાં વિશ્વાસ સંપડાયેલુ હોય. જ્યાં ઘરની એક-એક શ્વાસમાં મધુરગીત હોય અને રમણીય તાલ હોય. જ્યાં જતા જ જાણે સ્વર્ગનો અનુભવ થાય જ્યાં બધા એક બીજા માટે જીવતા હોય છે. અને પોતાનું એક - એક કર્મ એક-બીજાને સમર્પિત હોય છે.

એક મકાન જે ઈંટ-પથ્થરથી બનેલું હોય તેને એક ગૃહિણી જ ઘર બનાવી શકે છે. એટલે જ તો સંસ્કૃતમાં કહેવાયું છે કે, ‘न गृहं गृहमित्याहु : गृहिणी गृहमुच्यते , गृहं हि गृहिणीहीनं अरण्यं सदृश मतम् ।’ એટલે કે ઘર ને તો ગૃહણીના કારણે જ ઘર કહેવામાં આવે છે. વગર ગૃહિણીએ તો ઘર એક જંગલ સમાન હોય છે.

એક વાત આ પણ સાચી જ છે કે આજ-કાલ માણસાઈ સ્વાર્થ સુધી જ સીમિત રહી શકી છે. માણસ સંતોષને તો જાણે ભૂલી જ ગયો છે. ઈર્ષા, દ્વેષ, કપટ આ બધા જાણે માણસના ઘરેણા હોય એમ લાગે છે. આ બધા અવગુણોને દર્શાવતા અને નાશ કરવા મહાપુરુષ સદ્‌ગુરૂ સ્વામીજીએ ખુબ જ સરસ વાત કહી છે કે ગામડામાં લીમડાંના ઝાડ ઓછા થાય છે અને ઘરમાં ખારાશ વધતી જ જાય છે. વાણીમાં મીઠાશ ઓછી થાય છે અને શરીરમાં સુગર લેવલ વધતું જ જાય છે અને જ્યારે પુસ્તક રસ્તામાં વહેંચાય છે અને પગરખા કાંચના શો રૂમમાં ત્યારે પરિવર્તનની ખૂબ આવશ્યક્તા છે.

આ જગતમાં એવું પણ ખૂબ જ દેખવા મળે છે કે માણસોના મકાન તો ખૂબ જ મોટા હોય છે અને તેના જ વિરૂદ્ધ તેમનું હૃદય ખૂબ જ નાનું હોય છે અને એક બાજુ એ પણ દેખવા મળે છે કે, ઘણા લોકોના ઘર નાના જ હોય પણ તેમનું હૃદય ખૂબ જ વિશાળ હોય છે અને તે પ્રેમથી રહેતા હોય છે. તે માટે તો આપણી ગુજરાતીમાં કહેવાયું છે કે - ‘ઘરની બાંધણી ભલે ભવ્ય હોય, પણ તે ઘરના સભ્યોની લાગણી જો શૂન્ય હોય તો એ ઘરના પગથિયાં ગણવાનો કોઈ અર્થ નથી’

ઘર એ હોય જ્યાં વડીલ માટે સન્માન હોય અને અનુજ માટે પ્રેમ હોય. આજની પેઢીનું એટલે ભવિષ્ય ઉજ્જવળ હોય તે માટે આપણે શરૂઆત કરીએ કે, આ ઘરમાંથી, રાજ્યમાંથી, દેશમાંથી અને દુનિયામાંથી આસામાજીક તત્ત્વને ફેંકી મારીશું અને એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીશું.

“જય જય ગરવી ગુજરાત”

# હિંદ માતાને સંબોધન

પંચાલ હનિબેન પી.
શ્રીમતી એમ.કે.મહેતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય

**કવિ :** મણિશંકર રત્નજી ભટ્ટ

કવિ કાન્તનો જન્મ અમરેલી જિલ્લાના લાઠી પાસેના ચાવંડ ગામમાં થયો હતો. કાન્ત કવિ નાટ્યકાર અને ધર્મ ચિંતક હતા.

કવિ કહે છે કે ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારા ! કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારા !

અહીં ભારતમાં વસનારા લોકો ભારતની ભૂમિને દેવોની ભૂમિ કહી વંદન કરે છે. અમે સૌ તમારા સંતાન છીએ ત્યારે અમારા વંદન સ્વીકારજો.

હિંદુ અને મુસલમાન, ઈસાઈ, પારસી, જૈન ! સમાન રીતે સંતાન સૌ તમારા !

અહીં કવિ કહે છે કે, આપણા દેશમાં હિંદુ મુસલમાન, ખ્રિસ્તી, પારસી, જૈન, બૌદ્ધ વગેરે ધર્મ પાળતા લોકો રહે છે. તે સૌ સંતાન ભારત માતાને એક સમાન છે. આમ, આગળ કવિ કહે છે કે,

"પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી, સેવા કરે તે સંતાન સૌ તમારાં !"

આ પંક્તિમાં કવિ કહે છે કે ભારત ભૂમિ પર અને નદીઓ ડાળ-ઝાડની વાડીઓ અને લીલાછમ જંગલો અહીં ખેતરો આવેલાં છે. જેના દ્વારા આપના સૌનું પોષણ થાય છે. અનેક લોકો ભારત માતા દ્વારા થયેલ પોષણથી તેની બનતી સેવા કરે છે.

આમ, આગળ કવિ પંક્તિ દ્વારા કહે છે કે, આપણો દેશ વિશાળ છે, વિશાળ દેશમાં રોગી અને નિરોગી લોકો હોવા સંભવ છે. વિશાળ દેશમાં ગરીબ લોકો પણ રહે છે. વિશાળ દેશમાં પૈસાદાર અને ધનવાન લોકો પણ રહે છે. દેશમાં જ્ઞાની અને વિદ્વાન લોકો પણ રહે છે તો નિરક્ષર લોકો પણ રહે છે. તે સૌ સંતાન ભારતમાતાને એક સમાન છે તેમ કવિ કહે છે.

"વાલ્મિકી, વ્યાસ, નાનક, મીરાં, કબીર તુલસી, અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !"

કવિ કહે છે કે, આ પણ દેશમાં અનેક મહાપુરુષોએ જન્મ લીધો છે. તે તમામ પણ તમારા સંતાન છે.

સૌની સમાન માતા, સૌએ સમાન તેથી, ના ઉચ્ચનીચ કોઈ સંતાન સૌ તમારા !

કવિ કહે છે કે, ભારતમાતા સૌની સમાન માતા છે. એટલે તો કોઈ ઊંચ નીચના ભેદભાવ વગર ભારતમાતાના સૌ સંતાન એક સમાન છે.

"ચાહો બધા પરસ્પર સાહો બધાં પરસ્પર, એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !"

આમ, કવિ છેલ્લે કહે છે કે, આપણે સૌ એકબીજા સાથે સ્નેહ કરીને અને એકબીજાની મદદ કરીએ તેવી ભારતમાતાનાં સૌ સંતાન પ્રાર્થના કરે છે.

પેજ નં. ૧૪ થી ૨૧ પરના ચિત્રો ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓના છે. બાળકોએ કવિ/કવિતાના અનુસંધાને પોતાની કલ્પનાના ચિત્રો દોર્યા છે.

## શ્રી જૈન શિશુશાળા



માહી ગોહિલ, ધો.૨-ક
• કવિયત્રી :- મીરાંબાઈ



ઝીલ પરમાર, ધો. ૧-ક
• કવિ :- શામળ



તક્ષ પ્રજાપતિ (ધો.૨ -ક)
• કવિયત્રી :- મીરાંબાઈ

## શ્રી આઈ.જે.મહેતા વિનયમંદિર, શ્રી બી. કે. ભણશાળી વિનયમંદિર




માહી પટેલ, ધો.૬ બ
• કવિતા - ગુજરાત મોરી મોરી રે (ધો.૬)



રાશી પટેલ, ધો. ૬ ડ
• કવિતા - મહેનતની મોસમ (ધો.૬)



ઋતુ પટેલ, ધો.૭ બ
• કવિતા - સોના જેવી સવાર (ધો.૭)



દેવાંશી નાયક, ૭- ડ
• લોકગીત- આલાલીલા વાંસડિયા (ધો.૬)




માનસી શ્રીમાળી, ધો.૮ અ
• લોકગીત - આજ આનંદ (ધો.૮)




જેનીથ નાઈ, ૮-ડ
• કવિતા - ભગવાન કે ડાકિયે (ધો.૮)



અવધા પુરોહિત, ધો.૩-ડ
• પ્રેમાનંદ



ભૌમિક પટેલ, ધો.૫-ડ
(કવિતા- હિંડોળો)



દર્ષ ચૌધરી, ધો.૩-બ
(કવિતા - ચાંદો પકડ્યો)



દક્ષ રાઠી, ધો.૩-ડ
(કવિતા- અલ્લક દલ્લક)



હિબઝા નાગોરી, ધો.૩-ક
• કવિ :- દલપત રામ



જૈનિલ પટેલ, ધો.૫-ડ
• કવિ :- ઝવેરચંદ મેઘાણી



શ્રેયલ કર્ણાવત, ધો.૩-બ
• કવિ :- નર્મદ



મહર્ષ પટેલ, ધો.૪-ડ
• વાર્તા :- સસલો અને કાચબો



યુગ બચાણી, ધો.૪-ક
• કવિતા - નાગદમન



વિશ્વ પટેલ, ધો.૫-ડ
• કવિ :- બાલમુકુંદ દવે




વૈદિક પ્રજાપતિ, ધો.૪-ડ
• કવિ :- નરસિંહ મહેતા



શ્લોક રાજ, ધો.૫-ક
• કવિ :- નરસિંહ મહેતા

## Smt. Menaben Manilal Mehta English Medium Balmandir & Std.1 - 2



Arni Chaudhary (STD 1-J)
• કવિ :- દયારામ




Urja Gohil (STD 2-L)
• કવિ :- દામોદરદાસ બોટાદકર



Chancy Padhiyar (STD 2-J)
• કવિ :- મકરંદ દવે



Dhruvin (STD 2-I)
• કવિ :- ઝવેરચંદ મેઘાણી



Krishang Chauhan (STD 1-K)
• કવિ :- પ્રેમાનંદ



Muskan Maheshwari (1-L)
• કવિ :- નરસિંહ મહેતા

### મમતામંદિર વિભાગ




શ્વેતા પ્રજાપતિ, ધો.૧૦
• કવિતા :- જનની (ધો.૭)



ભાવના પટેલ, ધો.૧૦
• કવિતા :- સિંહની દોસ્તી (ધો.૭)




સોનલ ગુપ્તા, ધો.૭
• કવિતા :- સાંજ સમે શામળિયો (ધો.૯)



Aadhya Darji (EMS)
• વાર્તા - કોરો કાચબો ભીનો ચાંદો



Dhavit Patel (STD 5-J)
• કવિતા :- હિંડોળો




Heney Kella(STD 5-K)
• કવિતા :- હેપ્પી ઉતરાયણ



Kadiwal Mohammed (STD 4K)
• કવિતા :- હું છું ખાખી બાવો




Kayaan Chauhan STD 3-J)
• વાર્તા :- હંસ અને કાચબો




Nitya Gohil (STD 4-K)
• કવિતા :- સવાર



Priyanshu Patel (STD 3-I)
• કવિતા :-ચાંદો પકડ્યો



Raval Mitansh (EMS)
• કવિ :- શામળ



Shloka Patel (STD 4-I)
• કવિતા :- હિંડોળો

## Smt. Menaben Manilal Mehta English Medium School Upper Primary (Std.6 to 8)



Diti Vahora (STD 7-K)
• કવિતા :- ગોવિંદના ગુણ ગાશું



Divyansh Desai (STD 6-K)
• કવિતા :- મહેનતની મોસમ



Het Salvi (STD 8-J)
• કવિતા :- એક હતી શકરી



Jiya Chauhan (STD 8-K)
• કવિતા :- જનની




Kartavya Banawali (STD 8-K)
• કવિતા :- માતૃપ્રેમ



Kavya Shah (STD 7-K)
• કવિતા :- ગોવિંદના ગુણ ગાશું



Keya Chaudhary (STD 6-I)
• કવિતા :- રૂપાળું મારું ગામડું




Manpreet Chhagar (STD 7-K)
• કવિતા :- ચારણ કન્યા



Vidhya Menat (STD 6-K)
• કવિતા :- જનની



Nai Palak(S.Y)
• કવિતા :- ડુગડુગીયા વાળી



Pathan Naureen (F.Y)
• કવિતા :- રૂપાળું મારું ગામડું



Shaikh Naushin
• કવિતા :- તને ઓળખું છું મા



Kureshi Saba (F.Y)
• કવિતા :- હું છું ખાખી બાવો



Makvana Hetal (S.Y)
• કવિતા :- આલાલીલા વાંસડિયા



Nai Anjana (S.Y)
• કવિતા :- પરોઢિયે પંખી જાગીને



Shekhaliya Jignasha (S.Y)
• કવિતા - ગોવિંદના ગુણ ગાશું



Thakor Payal (F.Y.)
• કવિતા - ગુજરાત મોરી મોરી રે



Rinkal Chauhan, Sem.1
• કવિયત્રી :- મીરાંબાઇ

## મમતામંદિર વિભાગ




જગદીશ માળી, ધો.૧૦
• કવિતા :- ગ્રામ માતા (ધો.૭)



દિવ્યા ચૌધરી, ધો.૧૦
• કવિતા :- શરૂઆત કરીએ (ધો.૮)




ભાવના માળી, ધો.૯
• કવિતા :- આવકારો (ધો.૮)

## શિક્ષકશ્રીઓની કૃતિઓ



શ્રી અર્જુનભાઈ બાવળેચા (શ્રી જૈન શિશુશાળા)
• કવિતા - નમીએ તુજને



શ્રી મુકેશભાઈ રાઠોડ (શ્રી જૈન શિશુશાળા)
• શ્રવણ

શ્રી પિયુષભાઈ પરમાર (શ્રીમતી એમ. એમ. મહેતા અં. મા. સ્કૂલ ધો. ૧-૨)



• કવિતા - આવો મેઘરાજા (અભિનય ગીત ધો.૨)



• કવિતા :- મારી આંખે કંકુના સૂરજ આથમ્યા (ધો.૯)

## શિક્ષકશ્રીઓની કૃતિઓ

શ્રી પરવેઝભાઈ હાડા (શ્રી રાજમણિ પ્રાથમિક શાળા ધો.૩ થી ૫)



• કવિતા :- ધમાચકડી (ધો.૩)



• કવિતા :- સોના જેવી સવાર (ધો.૭)

શ્રી મહેશભાઈ દાયમા, શ્રીમતી એમ. એમ. મહેતા અં. મા. સ્કૂલ ધો.૩ થી ૫)



• કવિતા :- આભલે ચમકતો ચાંદલો ગમે (ધો.૩)



• કવિતા :- હિંદમાતાને સંબોધન (ધો.૬)

શ્રી રમેશભાઈ દૈયા (શ્રીમતી એમ. એમ. મહેતા અં. મા. સ્કૂલ ધો.૬ થી ૮)



• લોકગીત - માલમ હલેસાં માર (ધો.૭)



• લોકગીત - આલાલીલા વાંસળીયા (ધો.૬)

## 'વૈષ્ણવજન'

પ્રજાપતિ શ્વેતાબેન બિપીનભાઈ
મા શ્રવણવાણી મૂકબધિર વિદ્યાલય

## 'વૈષ્ણવજન'

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ, કાચ, મન નિર્મળ રાખે, ધન ધન જનની તેની રે,
સમદ્રષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્‌વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે,
મોહ માયા વ્યાપે નહિ જેને દ્રઢ વૈરાવ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે,
વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે.

સાચો વૈષ્ણવ એ છે જે પારકી પીડાને જાણે છે, સમજે છે અને પીડાને દૂર કરી ભલાઈ કરે છે છતાં ભલું કર્યાનું સહેજ પણ અભિમાન મનમાં રાખતો નથી.

(સાચો વૈષ્ણવ એ જ) જે સારાયે સંસારમાં સૌને વંદન કરે છે સૌનો આદર કરે છે કોઈની નિંદા કરતો નથી. વાણી ચારિત્ર્ય તેમજ મન દ્રઢ રાખે છે, એવા (વૈષ્ણવજન) ની જનની ખરેખર (એને જન્મ આપીને) ધન્ય છે.

(સાચો વૈષ્ણવ એ છે) જે સંસારમાં સૌને સમભાવથી, સમાન નજરે જુએ છે, જેણે પોતાને દુ:ખી કરે એવી ઈચ્છાઓ (કામનાઓ) નો ત્યાગ કર્યો છે, જે કયારેય ખોટું બોલતો નથી. ખોટું કરતો નથી. પરસ્ત્રીને માતા માને છે ને પારકાના ધનને સ્પર્શ કરતો નથી.

જેનામાં સંસાર ઉપરના મોહનો અભાવ હોય છે. તેને સંસારની મોહમાયા અસર કરતી નથી. દુ:ખ આપતી નથી. જેને રામનામની ધૂન લાગી હોય, એવાં વૈષ્ણવજન પોતે જ તીર્થસ્વરૂપ હોય છે.

સાચો વૈષ્ણવ કપટ કે ક્રોધ વિનાનો હોય છે. કામ-ક્રોધ ઉપર એણે વિજય મેળવ્યો હોય છે. કવિ નરસિંહ મહેતા કહે છે. આવા વૈષ્ણવજનનાં જે દર્શન કરે છે. એનાં ઈકોતરે કુળ તરી જાય છે.

# રામબાણ

- ધના ભગત

હેતલ મકવાણા
શ્રી કે.જે.મહેતા કોલેજ ઓફ
પ્રિ. પ્રાયમરી એજ્યુકેશન

ભક્તિ કરતાં કરતાં ભજન રચનાર ધના ભગત ધોળા જંકશન, તાલુકો ઉમરાળાના વતની હતા. આખું નામ ધના કેશવ કાકડિયા હતું. પૂર્વાશ્રમમાં તેઓ લેઉઆ પટેલ સમાજના હતા. આજે ધોળા (જિ.ભાવનગર) મુકામે તેમની સમાધિ છે. એમના જીવન વિશે ખૂબ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. એમનું અવસાન ઈ.સ.૧૭૭૫માં થયું હતું. અહીં રામબાણ એટલે પ્રભુની ભક્તિનું બાણ. અર્થાત્ પ્રભુભક્તિમાં ઘાયલ લીન- તલ્લીન રામબાણ એ તપનું વીરક્તિથી ભરેલું છે. એ જે જાણે છે તે જ માણે છે. સિંહણનું દૂધ તો સિંહબાળ તે જ ઝરે તેમ પ્રભુનાં પ્રેમીઓને જ રામબાણ વાગે ને! એ સ્થાયી રસ તો મયુરધ્વજ રાજા જેવા જ પામી શકે. અહીં ધ્રુવ, પ્રહલાદ, શુકદેવ, મીરાં, નરસિંહ જેવાની કથા કેવી રીતે રામબાણ વાગ્યા તેનું નિરૂપણ છે.

પોતાની વેદના જ જાણે કે ઈશ્વર અનુસંધાનની સંવેદના બને છે અહીં રામબાણ વેદના નહિ, પરંતુ વરદાનરૂપ છે. જે ઈશ્વરના નામે ઓળઘોળ કરે. એના માટે જ જીવે, એના માટે જ મરે. આ સમર્પણ આ સાધુઓમાં થોડું સાંપડે? રામબાણ વાગ્યા વિના મીરાં ઝેર કેવી રીતે પીએ? મયૂરધ્વજનાં મસ્તક પર કરવત શી રીતે ફરે? જેને રામનાં બાણ વાગ્યા હોય તે જાણે, પ્રભુનાં બાણ વાગ્યા, હોય તે જાણે. પેલો મુરખ મનમાં શું સમજે છે? જેને રામના બાણ વાગ્યા હોય તે (એની વેદના ! આનંદ) જાણે. (આ બાણ) ધ્રુવને વાગ્યા, પ્રહલાદને વાગ્યા. તેઓ ભક્તિભાવમાં ઠરીને ઠામ થયા. (એ બાણ) શુકદેવજીને માના ગર્ભમાં જ વાગ્યા અને એ માટેનું પ્રમાણ આપણા વેદ-વચન છે.

મયુરધ્વજ રાજાનું મન જીતી લેવા (સાક્ષાત્) હરિ જે સમયે આવ્યા (તે સમયે) તેઓ તેમનું મસ્તક કરવતથી વહેરવા માંડ્યા હતા અને તેમનાં પત્ની અને પુત્ર બંને એ કરવતને (તેમના હાથથી) તાણી લેવાનો પ્રયત્ન કરતા હતા. મીરાંબાઈ પર ક્રોધે ભરાયેલા રાણાજી એ તલવાર તાણી (મીરાબાઈ ને ઝેર આપ્યું) પણ એ ઝેર ગિરધરલાલ અમૃત સમજી પી ગયા (અને મીરાંબાઈની રક્ષા કરી) (પ્રભુએ) નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ખરે સમયે દોડીને આવ્યા. આમ અનેક સંતોનો ઉદ્ધાર કર્યો. એ હકીકત ધના ભગત તેમના હૃદયમાં સમજે છે.

'રામબાણ' કાવ્યમાં કવિ ધના ભગતે પ્રભુભક્તિમાં લીન થયેલા ભક્તોનાં સમર્પણભાવને બિરદાવ્યો છે. રામબાણ એટલે પ્રભુની ભક્તિરૂપી બાણ. સામાન્ય રીતે બાણ વાગે તો શરીરમાં તેની અસહ્ય વેદના થાય છે. કવિ એમ કહે છે કે ભક્તોને પ્રભુનાં બાણ વાગ્યા છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરેને તો આ પ્રભુભક્તિનું બાણ વરદાનરૂપ લાગે છે. પ્રભુની ભક્તિમાં લીન થવાની પ્રક્રિયા છે. એક ભક્ત પોતાનાં હૃદયમાં કેવી લાગણી અનુભવતો હશે. ભક્તને કેટલી વેદના થતી હશે અને કેટલો ઈશ્વરનો આનંદ થતો હશે. તમામ વસ્તુનું વર્ણન કરવામાં આવ્યું છે.

# ઝઘડો લોચન - મનનો

પ્રજાપતિ હિતેશકુમાર જયમાલભાઈ
ડી. ડી. ચોક્સી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર

લોચન મનનો રે ! કે ઝઘડો લોચન મનનો !
રસિયા તે જનનો રે ! કે ઝઘડો લોચન મનનો !
પ્રીત પ્રથમ કોણે કરી નંદકુંવરની સાથ ?
મન કહે, 'લોચન ! તેં કરી', લોચન કહે, 'તારે હાથ,' ઝઘડો
'નટવર નિરખ્યા નેન ! તેં સુખ આવ્યુ તુજ ભાગ ;'
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ ! ઝઘડો...
સૂણ ચક્ષુ ! હું પાંગળું, તું મારું વાહન' !
નિગમ અગમ કહ્યું સાંભળ્યું, દીઠા વિના ગયું મન ઝઘડો
ભલું કરાવ્યું મેં તને, સુંદરવર સંજોગ.
મને તજી તું નિત મળે, હું રહું દુઃખ વિજોગ !' ઝઘડો...
વનમાં વ્હાલાજી કને, હું ય વસું છું નેન !
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન !' ઝઘડો...
'ચેન નથી મન ! કયમ તને, ભેટ્યે શ્યામ શરીર ?
દુઃખ મારું જાણે જગત, રાત-દિવસ વહે નીર ! ' ઝઘડો...
મન કહે, 'ધીખું હદ, ધુમ પ્રગટ ત્યાં હોય.
તે તુજને લાગે રે નેન ! તેહ થકી તું રોપ' ! ઝઘડો...
એ બેઉ આવ્યાં બુદ્ધિ કને, તેણે ચૂકવ્યો ન્યાય ;
'મન ! લોચનનો પ્રાણ તું, લોચન તું મન કાય. ઝઘડો
સુખથી સુખ દુઃખ દુઃખથી, મનલોચન ! એ રીત'
દયા પ્રીતમ શ્રીકૃષ્ણશું બેઉ વડેથી પ્રીત.' ઝઘડો....

કાવ્યનો રસાસ્વાદ :-

"ઝઘડો લોચન-મનનો" કાવ્યનાં કવિ દયારામ છે. આપણે જ્યારે કોઈ કવિતાની વાત કરતા હોઈએ ત્યારે તેના કવિ વિશે જાણવું એ અગત્યનું હોય છે. જ્યાં સુધી આપણે કવિનાં જીવન અંગે પરિચિત નથી ત્યાં સુધી આપણે કવિતાનો મર્મ લખવા પાછળનો હેતુ, કારણ જાણી શકતા નથી. કેમ કે કોઈપણ કવિનું કાવ્ય હોય તેમાં તેની ભાવના રજૂ થતી હોય છે તેનું જીવન કેવું હશે ? તેનો પડછાયો તેમાં દેખાતો હોય છે માટે આપણે કવિ અંગે થોડીક માહિતી મેળવીએ.

દયારામનો જન્મ ચાણોદમાં થયો હતો. તેમના પિતાનું નામ પ્રભુરામ ભટ્ટ અને માતાનું નામ રાજકોર હતું. દયારામની ૧૦વર્ષની ઉંમરે તેમના પિતા અને ૧૨ વર્ષની ઉંમરે તેમની માતાનુ અવસાન થાય છે અને ત્યારબાદ તેઓ પોતાનું સમગ્ર જીવન એ કૃષ્ણભક્તિમાં સમર્પિત કરે છે. તેઓએ સમગ્ર ભારતનાં મોટાભાગનાં તીર્થ સ્થાનોની યાત્રા કરી છે. અને યાત્રા દરમિયાન તેઓએ કેટલાંક કાવ્યોની રચના પણ કરી છે અને તેમના મોટાભાગનાં બધા જ કાવ્યો કૃષ્ણભક્તિનાં છે. આ કૃષ્ણભક્તિમાનું એક કાવ્ય 'ઝઘડો લોચન-મનનો' જેનો રસાસ્વાદ આપણે આજે માણીશું.

કાવ્યની શરૂઆત જ ઉત્સુકતા પેદા કરનારી છે આ એક વિશેષતા છે. દયારામની કે જે ભાવકને પહેલાથી જકડી રાખે છે. જ્યાં સુધી કાવ્યને સમગ્રપણે જાણી ન લે ત્યાં સુધી તેના મનને શાંતિ ન થાય. કાવ્યમાં લોચન એટલે કે આંખ, ચક્ષુનો અને મનનો એકબીજા સાથે ઝઘડો થયો છે અને ઝઘડાનું કારણ એ છે કે નંદકુંવર (શ્રીકૃષ્ણ) સાથે પ્રથમ પ્રીત કરનાર કોણ ? ત્યારે મન એ પહેલા પોતાની વાત રજૂ કરે છે કે ચક્ષુ તે કરી છે પ્રથમ પ્રીત અને સામે ચક્ષુ કહે છે કે તારે હાથ પ્રીત બંધાઈ. મન પાછું જવાબ આપે છે કે સૌપ્રથમ કૃષ્ણનાં દર્શન તો તે કર્યા ચક્ષુ ત્યારબાદ તે મને (મનને) બંધાવ્યુ. શ્રીકૃષ્ણમાં પ્રથમ સુખ તો તે માણ્યું હું તો પાંગળું છું તું જ મારું વાહન છે તું મન જ્યાં લઈ જાય છે ત્યાં જ હું જાઉ છું. ત્યારે ચક્ષુ કહે છે મનને, હે મન ! મેં તો તારું ભલુ કર્યું કે શ્રીકૃષ્ણનાં દર્શન તે તમે કરાવ્યા પણ તું કેવો છે મન, મને એકલો મૂકીને શ્રીકૃષ્ણને તું નિત (રોજ) મળ્યા કરે છે રોજ તું શ્રીકૃષ્ણને નિહાળ્યા કરે છે. ત્યારે મન તેનો જવાબ આપે છે કે હે ચક્ષુ ! હું શ્રીકૃષ્ણને રોજ યાદ કરું છું. મનોમન મળુ છું પણ જ્યાં સુધી તું (ચક્ષુ) શ્રીકૃષ્ણને જોતો નથી ત્યાં સુધી મને (મનને) પણ ચેન નથી હું પણ દુઃખી છું. ત્યારે ચક્ષુ મનને કહે છે કે હે મન ! તું કહે છે કે તું દુઃખી છે અને દુઃખી તો હું (ચક્ષુ) છું મારું દુઃખ તો આખું જગત જાણે છે આ મારામાંથી નીકળતા આંસુ એ તેનું પ્રમાણ છે.

ચક્ષુની આ વાત સાંભળી મન પોતાની વાત રજૂ કરે છે. આ વાત પણ કેટલી તાર્કિક છે. મન કહે છે હે ચક્ષુ ! સાંભળ જે તારામાંથી આંસુ વહે છે. એ પણ એમને એમ નથી આવતા તેના પાછળ પણ મારુ દુઃખ છે. શ્રીકૃષ્ણનાં વિયોગમાં હું દુઃખી છું અને વિયોગમાં મારામાં આગ લાગી છે આ વિયોગની આગમાંથી જે ધુમાડો નીકળે છે ને તે મને (ચક્ષુ) સ્પર્શે છે ત્યારે તો તારામાંથી આંસુ વહે છે હું (મન) પણ દુઃખી છું.

આમ, મન અને લોચન (આંખ) બંને વચ્ચે કેટલીક તાર્કિક દલીલો થાય છે. પરંતુ પ્રશ્ન તો હજી સુધી એ જ ઊભો છે કે શ્રીકૃષ્ણ સાથે પ્રથમ પ્રીત કરનાર કોણ ? ત્યારે બંને બુદ્ધિ પાસે જાય છે અને બુદ્ધિ પણ બંનેના મીઠા ઝઘડામાં મીઠો ન્યાય આપે છે. બુદ્ધિ કહે છે કે હે મન ! તું ચક્ષુનો પ્રાણ છે આત્મા છે અને હે લોચન ! તું મનનું શરીર છે કાયા છે. તમે બંને એકબીજાથી જોડાયેલા છે એક વિના પણ એકબીજાનું અસ્તિત્વ નથી. એકની ગેરહાજરીમાં બંનેનાં અસ્તિત્વ ઉપર પ્રશ્નાર્થ ચિહ્ન છે. તમારા બંને દ્વારા શ્રીકૃષ્ણ સાથે પ્રીત થઈ છે અને તમે બંને પ્રીતમાં કારણ છો અને પ્રીત કરનાર છો.

આમ, અહીં પ્રસ્તુત કાવ્યમાં લોચનમનમાં ઝઘડા દ્વારા કવિએ પોતાનો શ્રીકૃષ્ણ સાથેનો પ્રેમ વર્ણવ્યો છે અને તેમના દર્શન માટેનાં તેઓ જે ભાવ અનુભવી રહ્યાં છે તે તેમને શબ્દો દ્વારા અને લાગણીએ ભાવ વ્યક્ત કરવા લોચન અને મનનું ઉદાહરણ લઈ રજુઆત કરી છે.

# ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ

ગમાર દિનેશભાઈ એલ.
શ્રી પી.કે.મહેતા કોલેજ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન પાલનપુર.

કાવ્યાસ્વાદનું ઉત્તમ ઉદાહરણ એટલે 'ગુજરાતી કવિતાનો રસાસ્વાદ' ગુજરાતી સાહિત્યક્ષેત્રે નવલિકા, નવલકથા, નિબંધ, વિવેચન, નાટક વગેરેનું આગવું સ્થાન આપણને જોવા મળે છે. તેમ ન્યાયની દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાતી સાહિત્યમાં વિશેષ કવિતા ક્ષેત્રે કેવી અને શી ઉપલબ્ધિઓ થઈ ? તેની જિજ્ઞાસા પણ થાય તો આ જિજ્ઞાસાની તૃપ્તિ આપણે ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિઓના કાવ્યોના રસાસ્વાદ દ્વારા સંતોષીએ.

## આદિકવિ નરસિંહ મહેતાના કાવ્યોનો રસાસ્વાદ માણીએ...

૧૫મી સદીના સમય દરમિયાન ભારતમાં જે ભક્તિ આંદોલન ની શરૂઆત થઈ તેનો રંગ ગુજરાતને લગાડનાર કવિ નરસિંહ મહેતા જેમનો જન્મ જૂનાગઢ જિલ્લાના તળાજા ગામમાં આશરે ૧૪૧૨-૧૪૧૪ માં થયો હતો. અને એમનું અવસાન આશરે ૧૭૯૭ થી ૧૪૮૧ માં થયું હોવાનું મનાય છે. નરસિંહ મહેતા 'આદ્યકવિ', 'આદિકવિ', 'નરસૈયો' જેવા ઉપનામોથી પણ ઓળખાય છે. ગુજરાતી ભાષામાં સૌપ્રથમ ગુજરાતી ફિલ્મ રજૂ કરનાર નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણ ભક્તિના પદોનો વધુ મહિમાં ગાયો છે. તે નીચેની પંક્તિમાં આપણે જોઈએ.

'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા'

'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનુમાં કોણ જાશે ?'

'વૈષ્ણવજન'

'વૈષ્ણવવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણેરે,
પરદુ:ખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે'

'ઊંચી મેડી'

'ઊંચી મેડી તે મારા સંતની રે,
મે તો મા'લી ન માણી રામ.. હો રામ
ઊંચી મેડી તે મારા સંતની રે,

## જ્ઞાની કવિ અખાના છપ્પાનો રસાસ્વાદ માણીએ તો...

૧૭મી સદીમાં થઈ ગયેલા ગુજરાતના સૌથી મોટા વેદાંત કવિ અખાનો જન્મ ૧૫૯૧ તેમજ મૃત્યુ ૧૬૫૩માં થયું હતું તેમનું મૂળનામ અક્ષયદાસ સોની હતું, 'જ્ઞાનનો વડલો' અને 'હસતો ફિલસૂફ' તેમનું ઉપનામ છે. તેઓ કટાક્ષ અને નર્મમર્મના કવિ તરીકે જાણીતા છે. તેમના જાણીતા છપ્પા નીચે મુજબ છે.

'અખાના છપ્પા'

'ઓછું પાત્રને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો.
મારકણો સાંઢ ચોમાસુ માલ્યો, કરડકણી કૂતરી હડકવાહાલ્યો'

'એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ'

'ચાનક અંગ'

'ભણ્યા ગણ્યા ભલે પાકે પંચ, ન્યાય ઉકલે જાણે સંચ,'

સભાપતિ થઈ બેસે મધ્યા, આતમની નવ જાણે વિધ,

અખા ક્યાંય નવ કુંવારી ગાય, ઠાલા આવ્યા ને ભૂલાજાય.

### કલાપી ગઝલનો રસાસ્વાદ માણીએ તો...

'કલાપી' ઉપનામથી જાણીતા એવા સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૮૭૪ના લાઠી ગામમાં થયો હતો અને તેમનું અવસાન ૯મી જૂન ૧૯૦૦માં લાઠી ગામમાં જ થયું હતું. કવિ શ્રી કલાપીને 'કલાપી પુરસ્કાર' આઈ.એન.ટી. તરફથી ગઝલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમની જાણીતી પંક્તિઓ નીચે મુજબ છે.

### જ્યાં જ્યાં નજર મારી ઠરે...

'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની,

આંસુ મહીં એ આંખની યાદી ઝરે છે. આપની !,'

'માશુકોના ગાલની લાલી મહીં લાલી અને

જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુંલો ત્યાં ત્યાં નિરાની આપની !'

### કવિ નર્મદના કાવ્યોનો રસાસ્વાદ માણીએ તો...

અર્વાચીનોમાં આદ્યનું બિરૂદ પ્રાપ્ત કરનાર નર્મદાશંકર લાભશંકર દવે નો જન્મ ૨૪ ઓગસ્ટ ૧૮૩૩માં થયો હતો. અને તેમનું અવસાન ૨૬ ફેબ્રુઆરી ૧૮૮૭માં થયું હતું. કવિ નર્મદને પ્રેમશૌર્ય, તખલ્લુસથી પણ ઓળખવામાં આવે છે. વીર અને શ્રૃંગારરસ, નર્મદની જાણીતિ કવિતાઓનો મુખ્ય રસ છે. તેમની જાણીતી પંક્તિઓ મનુષ્યમાત્રમાં પ્રેરણાનું સચોટ ઉદાહરણ પુરું પાડે છે.

'જય જય ગરવી ગુજરાત'

'જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત

દીપે અરૂણું પરભાત, જય જય ગરવી ગુજરાત' - ગીત

'અવસાન સંદેશ'

'નવ કરશો કોઈ શોક રસિકડાં, નવ કરશો કોઈ શોક,

યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી' - ગીત

'યાહોમ કરીને પડો'

'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે,

યા હોમ કરીને પડો ફતેહ છે આગે' - પ્રકીર્ણ, ગીત

### સોનેટકાર બ.ક.ઠાના કાવ્યોનો રસાસ્વાદ માણીએ તો...

ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ કવિ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર જેમને 'બ.ક.ઠા' 'સનેહી', અને વલ્કલ જેવા ઉપનામથી પણ ઓળખવામાં આવે છે. ગુજરાતી ભાષાનું સર્વપ્રથમ સોનેટ 'ભણકારા' પણ તેમણે જ લખેલું છે. તેમની કાવ્ય પંક્તિઓ નીચે મુજબ છે.

'ભણકારા'

'આઘે ઊભાં તટઘુમસ જેમાં દ્રુમો નીંદસેવે,
વચ્ચે સ્વપને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે' - સોનેટ

"જૂનું પિયર ઘર"

'બેઠા ખાટે ફરીવળી બધે મેડિયો ઓરડામાં.

દીઠા હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપરૂડાં' - સોનેટ

**કાન્તના કાવ્યોનો રસાસ્વાદ માણીએ તો...**

કાન્ત એટલે મણિશંકર રત્નજી ભટ્ટ તેઓ કલાપીના સમકાલીન હતા. કાન્ત અને કલાપી બંને ઊર્મિશીલ કવિઓ છે. બંને એ પ્રેમ મૈત્રી અને પ્રભુભક્તિના સંવેદનો પોતાની કવિતામાં આલેખ્યા છે. તેમની કવિતામાં તેમનું આંતર જીવન પ્રતિબિંબિત થાય છે. કાન્તના સર્વોત્તમ ઊર્મિકાવ્યોમાં 'સાગર અને શશી' 'મનોહસ્મૃતિ', અને 'આપણી રાત' આ ત્રણેય ઊર્મિકાવ્યો તેમનું મનોમંથન સેવી ગયા પછી રચાયેલા ઉત્તમકોટિના કાવ્યો છે.

'સાગર અને શશી.'

'આજ મહારાજ જલપર ઉદય જોઈને ચન્દ્રનાં હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે,'
પિતા ! કાલના સર્વ સન્તાપ શામે ! નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સન્તાપ શામે ! - ઊર્મિગીત

**ઝવેરચંદ મેઘાણીના કાવ્યોનો રસાસ્વાદ માણીએતો...**

ગુજરાતી કાવ્યના રસાસ્વાદમાં "રાષ્ટ્રિય શાયર" ઝવેરચંદ મેઘાણીને કેમ ભૂલી શકાય ? 'રણજીતરામ સુવર્ણચંદ્રક' વિજેતા ઝવેરચંદ મેઘાણીએ લોકહૃદયમાં ઊભરાતી લાગણીઓને કંઠ આપી એ વારસાને સજીવન રાખવાનું અમૂલ્ય કાર્ય કર્યું છે.

'નવી વર્ષા'

'મોર બની થનગાટ કરે', મન મોર બની થનગાટ કરે.
ઘનઘોર ઝરે ચહુ ઓર, મારું મન મોરબની થનગાટ કરે, - 'પ્રકૃતિગીત'

'ચારણ કન્યા'

'વનરાવનનો રાજા ગરજે, ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવતકુળનો અરિગરજે, કડયપાતળિયો જોદ્ધો ગરજે
મોં ફાડી માતેલો ગરજે, જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમંદર ગરજે, ક્યાં ક્યાં ગરજે ?, '

શ્રી ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતી સાહિત્યમાં કવિતાને નવો વળાંક આપ્યો છે. કવિઓનું કર્મ એટલે કવિતા પણ વાંચવા જેવી અને રસપ્રદબની રહે તેવી કવિતાઓ ઝવેરચંદ મેઘાણીની.

આમ ગુજરાતી કવિતાના દરેક ક્ષેત્રે આપણને અલગ-અલગ વલણોનો લય જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં એકવીસમી સદીની કવિતા મુક્ત મનથી ખીલી ઉઠી છે. જેથી કવિતામાં કોઈપણ વાદને નામે વાત અડશે નહીં. અને જે અડે નહી તેનો પ્રભાવ ન હોય તેની સિદ્ધિ કયાં, જ્યાં સિદ્ધિ ન હોય ત્યાં મૂલ્યવાન હોય અને મૂલ્ય વિનાની કવિતા કયાંથી કહેવાય. તેથીજ તો ગુજરાતી ભાષાના કવિઓ આજે રાષ્ટ્રિય શાયર તરીકે ઓળખાય છે. જ્યારે કોઈપણ સર્જક કવિતા લખવાની શરૂઆત કરે છે. અને કંઈક નવું કરે છે. ત્યારે જ તો તે સાચો કવિ બનવા તરફ જતો હોય છે. આજે ગુજરાતી સાહિત્યના કવિઓ કોઈપણ અનુભવેલી ઘટનાને કલ્પનાના વાસ્તવિક સ્વરૂપે રચવામાં આવે છે. તેને જ તો સાચા અર્થમાં કવિતા કહેવાય છે. 'ગુજરાતી કાવ્યનો રસાસ્વાદ.'

## ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ

યાદવ અનિલકુમાર વિજયકુમાર
શ્રીમતી એસ.પી.કોઠારી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન
(અંગ્રેજી માધ્યમ)

કવિતાની રચના તો એક સાહસ છે જ, પણ કવિતા વિશે લખવું એય કાંઈ જેવું તેવું સાહસ નથી; તેમાંય સમકાલીનોની કવિતા વિશે લખવું એ તો દુસ્સાહસ જ ગણાય. આ જાણવા છતાં એવું દુસ્સાહસ શા માટે કર્યું તેની કેફિયત આપવી ઘટે. કાવ્યના રસાસ્વાદને અપ્રસ્તુત એવા અનેક પ્રશ્નોની "વિદ્વત્તાપૂર્ણ" ચર્ચાઓ તાદ્વિદો કરતા રહે, પણ એમની પરિભાષા પોતે જ વાડ બનીને પૃથકજનને કાવ્યથી દૂર રાખે તો સરવાળે કાવ્યનેય કશો લાભ ન થાય. વ્યવહારમાં થતા સુખ-દુઃખ ના અનુભવો અને રસાસ્વાદ આ બે વચ્ચેનો પાયાનો ભેદ જો ન સ્વીકારીએ તો કાવ્ય વિવેચનમાં ઘણી મોટી ગૂંચ ઊભી થવાનો ભય રહે છે.

કવિ નવી ભાષા નથી ઘડતો, વ્યવહારની ભાષામાંથી જ એ નવા સંકેતો ઊપજી આવે એવો સંદર્ભ રચે છે. આ સંદર્ભની રચના સમજવી, શબ્દમાંથી પ્રગટ થતી આ શક્તિનો પરિચય આપવો એ રસા-સ્વાદની અનિવાર્ય અંગ છે. કારણ કે એમાં જ કવિકર્મનો વિશેષ રહેલો છે. આપણા બધામાં રતિ, ઉત્સાહ, જુગુપ્સા, કરુણા, નિર્વેદ વગેરે ભાવો રહેલા છે. પણ એનો વિશિષ્ટ રૂપે સાક્ષાત્કાર કરવાની અનન્ત શક્યતાનો પરિચય કવિ આપણને કરાવે છે. કવિતાથી ધીમે ધીમે વિમુખ થતી પ્રજાને ફરીથી કાવ્યાભિમુખ કરવી એ સહૃદયોનું કર્તવ્ય છે. આ દિશામાં ઘણાં જ કવિઓ એ યોગદાન આપેલ છે.

કવિતાનો રસાસ્વાદ કરાવવો એ કવિતા લખવા જેવું જ મોટું સર્જનકર્મ છે. આપણે કવિતાનાં કવિના અલગારીપણાંને અનુભવવો છે. તેથી અહીં હું કેટલાક કવિઓ દ્વારા લખાયેલ કૃતિઓ રજૂ કરું છું અને તેના રસા-સ્વાદમાં આપણને કવિ શું કહેવા માંગે છે તે સમજીએ.

"ફાનસ ફૂટી ગયું

ત્યાં સુધી

મને ખબર જ ન્હોતી

કે મારી અંદર

અંધારું નહીં

પણ પ્રકાશ ભરેલો હતો" - ધીરુ મોદી

- ગાગરમાં સાગર જેવું એક નાનકડું અર્થ ગહન અછાંદસ છેલ્લે સુધી અંદરના પ્રકાશથી અનભિજ્ઞ રહેવાનો કોઈ શાપ છે કે શું આપણા સૌના માથે જેને પરિણામે આખું જીવન અંધકારની ગલીઓમાં ભટકતું રહેવામાં જ નીકળી જાય છે ? જાતનું ફાનસ ફૂટતું નથી ત્યાં સુધી સતનો પ્રકાશ સમજાતો નથી. આમ કવિ ધીરુભાઈ મોદી આપણને ફાનસ અને અંધકાર ભરેલ જીંદગી ની વાતો દ્વારા કાવ્યનો રસાસ્વાદ સમજાવે છે.

"મેં તો વેશ્યાના હાથને સીતાનું છૂંદણું દીધું".

મેં તો તુલસીનું પાંદડું બીયરમાં નાખીને પીધું."

કવિ અનિલ જોષીની આ કવિતા મારી દ્રષ્ટિએ અફલાતુન છે. જે સ્ત્રીને સમાજ ધિક્કારે છે, "સમાજની નાતમાંથી બહાર તગડે છે ત્યારે કવિને દયા ઉપજે છે". સીતાની મજબૂરી, ને સમાજની બહાર હઠાવી રાજ્ય-રાણી જંગલ જઈ વસે !! એ સ્ત્રીનાં છૂંદણા આપણે પારખી નથી શકતા આ કવિ પારખી શક્યો છે.

તુલસી તો એક એવી પવિત્ર વસ્તુ છે કે એ જ્યાં ભળે -મળે તે વસ્તુ પવિત્ર બની જાય ! બિયર પણ દિયર બને ! કવિ એ પણ કહેવા માંગતો હોય કે આડંબરીઓ ધર્મના નામે આવા ચેન, ચાળા ન કરે. કવિ અનિલ જોષી આમ, આ પંક્તિ દ્વારા સીતા માતા, તુલસી, બિયર અને એક વેશ્યાના ઉદાહરણ દ્વારા કવિતાનો રસાસ્વાદ અહી રજૂ કરે છે.

આમ, કવિતાઓ તો અનેક છે. દરેક કવિતાનો કોઈને કોઈ સાર તો અનેક રીતે કંઈક હોય જ છે પરંતુ ગુજરાતી કાવ્યોને વાંચવાનો અને ગાવાનો આપણો જે રસ છે તે જ કહેવાય છે. "ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ" તો આવો જ રસાસ્વાદ હું આપણા આદિ કવિ નરસિંહ મહેતાના એક કાવ્ય દ્વારા કરું છું. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરમોર કવિઓમાંથી મીરાં, નરસિંહ અને દયારામે કૃષ્ણને સખીભાવે આરાધ્યા છે. પ્રસ્તુત કાવ્યમાં કૃષ્ણનું મનમોહક વર્ણન, કૃષ્ણ માટેના દૃષ્ટાંતો અને તેમના સુંદરતા પર સર્વસ્વ વારી જતા નરસિંહ મહેતા નો સર્વપ્રથમ પરિચય મેળવીએ.

નરસિંહ મહેતા ૧૫મી સદીમાં થઈ ગયેલ ગુજરાતી ભાષાના પ્રથમ કવિ હતા. આથી તેઓ આદ્ય કવિ અથવા આદિ કવિ કહેવાય છે. ભક્ત તરીકે ખ્યાતિ મેળવનાર નરસિંહ મહેતા એ વૈષ્ણવ કવિતા આખ્યાન કર્યું હતું. તેમણે લખેલી રચનાઓમાં ભજન "વૈષ્ણવ જન" ખૂબ જ જાણીતું છે. જે મહાત્મા ગાંધીનું ખૂબ પ્રિય હતું અને તેમના જીવનનું પર્યાય બની રહ્યું.

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાનાં તળાજા ગામમાં ઈ.સ. ૧૪૧૪માં નાગર બ્રાહ્મણ શ્રી કૃષ્ણદાસ મહેતાને ત્યાં થયો હતો. પછી તે જુનાગઢ ખાતે સ્થાયી થયા હતા. નરસિંહ મહેતાએ તેમની કૃતિઓમાં આત્મકથાત્મક સર્જનો જેમકે, "શામળદાસનો વિવાહ" "કુંવરબાઈનું મામેરું", "હુંડી", "ઝારીનાં", વગેરે છે. અને અવર્ગીકૃત સર્જનોમાં સુદામા ચરિત, દાનલીલા, ગોવિંદગામસૂરત સંગ્રામ વગેરે છે. નરસિંહ મહેતાનાં પદોમાં અધ્યાત્મની ઊંચાઈ જોવા છે.

"સાંજ સમે શામળિયો", કૃષ્ણના મધુર રૂપવર્ણનનું ગીતકાવ્ય છે.

"સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે;
આગળ ગોધન, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે" - સાંજ ૧

અત્રે સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછા વળતાં હોય એવે સમયે શામળિયો (શ્રીકૃષ્ણ) સાંજને સમયે વૃંદાવનથી આવી રહ્યા છે. કૃષ્ણની આગળ ગોધણ અને પાછળ સાજન એટલે કે ગોવાળોનું વૃંદ છે. એવા વર્ણનથી કાવ્યની શરૂઆત થાય છે.

"મોર મુગુટ શિર સુંદર દરિયો, કાને કુંડળ લહેકે ;
પહેર્યાં પીતાંબર, ફૂલની પછેડી, ચુઆ-ચંદન મહેકે," - સાંજ ૨

શ્રીકૃષ્ણ એ મસ્તક પર મોર મુગુટ ધારણ કર્યો છે અને કાનમાં કુંડળ ઝૂલે છે. શરીરે પીતાંબર અને ફૂલની પછેડી પહેર્યાં છે. આ પછેડીમાં ચંદનની સુગંધ મહેકે છે.

"તારામંડળમાં જેમ શશિયર શોભે હેમ જડિંગ હીરો ;
તેમ ગોવાળમાં ગિરધર શોભે, હરિ હળધરનો વીરો" - સાંજ ૩

શ્રીકૃષ્ણની સુંદર રૂપની આવી શોભા વર્ણવવા માટે નરસિંહ મહેતા જુદી-જુદી ઉપમાઓ પ્રયોજે છે, જેમ કે તારાઓની વચ્ચે જેમ ચંદ્ર શોભતો હોય, સોના વચ્ચે હીરો શોભે એમ ગોવાળો વચ્ચે ગિરિધર શોભી રહ્યા છે.

"વહાલાજીનું રૂપ વસિયું, મનડું તે ઘસિયું મારું ;

આળ કરી આલિંગન દીધું તન-મન મુખ પર વારું."  - સાંજ ૪

નરસિંહ મહેતાના હૃદયમાં વહાલાજીનું રૂપ વસી ગયું છે. શ્રીકૃષ્ણએ એમને વહાલથી આલિંગન દીધુ અને તેઓ તન-મનથી કૃષ્ણના મુખ પર વારી ગયા હોય તેવું આ પંક્તિમાં સુંદર - મધુર કૃષ્ણ પર ભક્ત નરસિંહ મહેતા કેવી રીતે વારી જાય છે એ ભાવ શૃંગારિક રીતે વ્યક્ત થયો છે.

"વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયાં વિણ કેમ રહીએ ?,

નરસૈયાચા સ્વામીની શોભા નિરખી નિરખી હરખીએ"  - સાંજ ૫

શ્રીકૃષ્ણનું રૂપ મહાશુભકારી છે. આથી નરસિંહ મહેતા વહાલાજીની શોભાને સતત નીરખીને હરખાય છે. આવા વ્હાલા, શુભકારી, રસિક શ્રીકૃષ્ણ વગર રહી શકાય એમ નથી એને વારંવાર નીરખતા રહેવાના ભાવ સાથે આ કાવ્ય પુરૂં થાય છે.

પ્રસ્તુત કવિતાનો રસાસ્વાદ કવિશ્રી નરસિંહ મહેતા ના કાવ્ય સંગ્રહોમાંથી લેવામાં આવેલ છે.

છેલ્લે હું એમ કહીશ કે, ગુજરાતી ભાષામાં મને ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ રજૂ કરવામાં ગૌરવ અનુભવાય છે.ગુજરાતી ભાષા અને આ ભાષાની અનેક કવિતાઓ ખૂબ જ અનેરી છે.

ગુજરાતી કાવ્યોના રસાસ્વાદના અંતે આપણા લોકલ કવિ "સૈફ પાલનપુરી"ની કેટલીક પંક્તિઓ યાદ કરીશ.

કોઈ સ્મિતે સ્મિતે સળગે છે

કોઈ રડીને દિલ બહેલાવે છે.

કોઈ ટીપે ટીપે તરસે છે

કોઈ જામ નવા છલકાવે છે

સંજોગના પાલવમાં છે બધું

દરિયાને ઠપકો ના આપો

એક તરતો માણસ ડૂબે છે

એક લાશ તરીને આવે છે.

- સૈફ પાલનપુરી

જય ભારત, જય જય ગરવી ગુજરાત

# SURYAKANT PARIKH CENTRE FOR HUMANITIES STUDY- (SCPHC)

## પ્રકલ્પ વર્ષ : "ગુજરાતી કાવ્યોનો રસાસ્વાદ" ૨૦૨૧-૨૨

## PRIZE CEREMONY -MARCH-2021-22

| No. | INSTITUTE NAME | FIRST WINNER | SECOND WINNER | THIRD WINNER | COND. PRIZE | TOTAL |
|---|---|---|---|---|---|---|
| 1 | GMS - BALMANDIR (CR - MR - JAIN) | 0 | 0 | 0 | 138 | 138 |
| 2 | EMS - BALMANDIR (MM - MR) | 0 | 0 | 0 | 75 | 75 |
| 3 | SHRI JAIN SHISHUSHALA GUJARATI MEDIUM FOUNDATION SCHOOL STD.1-2 | 9 | 9 | 10 | 0 | 28 |
| 4 | SHRI RAJMANI GUJARATI MEDIUM PREPARATORY SCHOOL STD.3-5 | 13 | 14 | 21 | 0 | 48 |
| 5 | SHRI I. J. MEHTA VINAMANDIR GUJARATI MEDIUM MIDDLE SCHOOL STD.6-8 | 15 | 16 | 20 | 0 | 51 |
| 6 | SHRI B. K. BHANSHALI GUJARATI MEDIUM MIDDLE SCHOOL STD.6-8 | 15 | 16 | 17 | 0 | 48 |
| 7 | SHRI VIVIDHLAKSHI VIDYAMANDIR GUJARATI MEDIUM SCHOOL STD.9-10 | 6 | 5 | 6 | 0 | 17 |
| 8 | SHRI K. M. CHOKSI HIGHER SECONDARY GUJARATI MEDIUM STD.11-12 | 5 | 5 | 8 | 0 | 18 |
| 9 | SMT. M. M. MEHTA ENGLISH MEDIUM FOUNDATION SCHOOL STD. 1-2 | 9 | 10 | 11 | 0 | 30 |
| 10 | SMT. M. M. MEHTA ENGLISH MEDIUM PREPARATORY SCHOOL STD. 3 - 5 | 15 | 15 | 17 | 0 | 47 |
| 11 | SMT. M. M. MEHTA ENGLISH MEDIUM MIDDLE SCHOOL STD. 6 - 8 | 19 | 19 | 19 | 0 | 57 |
| 12 | SMT. M. M. MEHTA ENGLISH MEDIUM SECONDARY SCHOOL STD. 9 - 10 | 3 | 3 | 2 | 0 | 8 |
| 13 | SMT. M. M. MEHTA ENGLISH MEDIUM HIGHER SECONDARY SCHOOL STD. 9 - 10 | 3 | 3 | 3 | 0 | 9 |
| 14 | MAA SHRAVANVANI MUKBADHIR VIDYALAYA | 12 | 12 | 12 | 0 | 36 |
| 15 | SMT. M. K. MEHTA PRAGNACHAKSHU VIDYALAYA | 9 | 9 | 8 | 0 | 26 |
| 16 | SMT. I. R. MEHTA ANAND NIKETAN SCHOOL | 2 | 2 | 2 | 0 | 6 |
| 17 | SHRI K. J. MEHTA PRE PTC COLLEGE SHRI H. V. MEHTA ENGLISH MEDIUM PRE PTC | 9 | 5 | 5 | 0 | 19 |
| 18 | SHRI C. K. MEHTA PTC COLLEGE | 3 | 3 | 3 | 0 | 9 |
| 19 | D. D. CHOKSI GUJARATI MED. B.ED. COLLEGE | 8 | 6 | 7 | 0 | 21 |
| 20 | SMT. S. P. KOTHARI ENGLISH MED.B.ED. COLLEGE | 7 | 7 | 5 | 0 | 19 |
| 21 | SHRI P. K. MEHTA SPECIAL B.ED. COLLEGE | 5 | 5 | 5 | 0 | 15 |
| | **TOTAL** | **167** | **164** | **181** | **213** | **725** |

# કેન્દ્રની પ્રવૃત્તિઓ કેમેરાની નજરે


બાલમંદિર


શિશુશાળા


EMS-ECH


મમતામંદિર



પ્રિ.પી.ટી.સી.



તાલીમી કોલેજ


સ્પે. બી.એડ્. કોલેજ


વિનયમંદિર

Better Every Day

अध्ययनम्

Mainstream Education

अध्यापनम्

Teacher Education

कौशलम्

Pre-vocational Education

लोकसंग्रहम्

Community Education

प्रसादम्

Special Education

कलायतनम्

Art Education

सौष्ठवम्

Physical Education

शिवम्

Association of Parents

## Vidyamandir Trust, Palanpur

Registered Office
Taley Baug, Vidyamandir Campus, Palanpur,
Banaskantha-385001 (N. Gujarat)
Telephone: 02742 250215
Email:centraloffice@vidyamandir.org
Web:www.vidyamandir.org

Mumbai Office
11 Kala Bhavan, 3rd Floor, 3 Mathew Road,
Opera House, Mumbai–400 004
Telephone: 022 23685458, 022 23685344
Email: mumbaioffice@vidyamandir.org
Web:www.vidyamandir.org